ISPG-67 Chalees Hadeesen

હદીસ સૌરભ

સૈયદ હામિદઅલી

بسم الله الرحمان الرحيم

આ જગતમાં હઝરત આદમ અલૈહિસ્સલામથી માંડીને નબીએઆખર મુહમ્મદુર્રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ સુધી પયગમ્બરો અને નબીઓ મોકલીને તેમજ તેમની ઉપર ગ્રંથો ઉતારીને અલ્લાહતઆલાએ મનુષ્યને પોતાનું જીવન જીવવા માટે માર્ગદર્શનની વ્યવસ્થા કરી છે જેથી મનુષ્ય અલ્લાહતઆલાની મરજી અને યોજના પ્રમાણે જીવીને છેવટે આખિરતમાં તેની પ્રસન્નતા પામે અને આખિરતનું અનંત જીવન જન્નતી તરીકે ગુજારે.

હવે જ્યારે આ દુનિયામાં કોઈ નબી કે અલ્લાહનો ગ્રંથ આવવાનો નથી ત્યારે આજના મનુષ્ય માટે અલ્લાહની મરજી જાણવા માટે માત્ર બે જ માધ્યમ રહ્યાં છે; એક કુર્આનેમજીદ અને બીજું મુહમ્મદુર્રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના જીવનનો આદર્શ નમૂનો.

હદીસો વહાલા નબી સ.અ.વ.ના પવિત્ર કથનો અને કાર્યોની એ નોંધો છે જે આપણને કુર્આનેપાકના આદેશોને આપણા જીવનમાં અમલી બનાવવાની રીત શીખવાડે છે. આ "હદીસ સૌરભ"માં એ પ્રમાણભૂત હદીસોને આવરી લેવામાં આવી છે જે આપણા જીવનની પ્રાથમિક બાબતોને સ્પર્શે છે અને જે આપણા રોજિંદા જીવનમાં હરઘડી માર્ગદર્શક બને છે.

ઈસ્લામી સાહિત્ય પ્રકાશન, ગુજરાત આ હદીસ સંગ્રહ આપની સમક્ષ રજૂ કરતાં આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરે છે અને આ કાર્ય આપના અને અમારા માટે આખિરતમાં અલ્લાહની પ્રસન્નતા મેળવવા ઉપયોગી બને તેવી દુઆ કરે છે, આમીન.

: સ્થળ : : પ્રકાશક :

અહમદઆબાદ (૧૯૮૩) ઈસ્લામી સાહિત્ય પ્રકાશન, ગુજરાત

૧. દીનના બુનિયાદી સ્રોત અને તેમનું જ્ઞાન ૬
૨. ઈસ્લામના અરકાન (સ્તંભો) ૮
૩. ગુના ૧૦
૪. રસૂલુલ્લાહ સ.અ.વ.નું આજ્ઞાપાલન ૧૨
૫. રસૂલુલ્લાહ સ.અ.વ. અલ્લાહના બંદા છે ૧૩
૬. ઈમાનવાળા માટે અનિવાર્ય શરત ૧૪
૭. મુનાફિક (દંભી) ૧૬
૮. દંભીના ગુણધર્મો ૧૭
૯. સાચો મુસલમાન ૧૮
૧૦. સાચો મો'મિન ૧૯
૧૧. ઈમાનવાળાઓનો પારસ્પરિક સંબંધ ૨૦
૧૨. માતા-પિતાની સેવા ૨૨
૧૩. સંતાન અને ઘરના લોકોની જવાબદારી ૨૩
૧૪. પત્ની સાથે સદ્‌વર્તન ૨૪
૧૫. પતિનું આજ્ઞાપાલન........................... ૨૬
૧૬. સગાં સાથે સદ્‌વર્તન ૨૭
૧૭. અનાથનું ભરણ-પોષણ ૨૮
૧૮. પાડોશી સાથે સદ્‌વર્તન......................... ૨૯
૧૯. વિધવા અને ગરીબની સેવા...................... ૩૦
૨૦. રહેમ (દયા) ૩૧
૨૧. અલ્લાહના રાહમાં ખર્ચ કરો ૩૨
૨૨. લોભ અને અત્યાચાર ૩૩
૨૩. ઘમંડ....................................... ૩૪
૨૪. મોટાઈનું માપદંડ............................ ૩૫

૨૫. ક્રોધ ૩૭
૨૬. લાજ શરમ ૩૮
૨૭. નમ્રતા ૩૯
૨૮. જીભ અને ગુપ્ત અંગોની રક્ષા ૩૯
૨૯. ગાળ આપવી ૪૦
૩૦. બદગોઈ, તહોમત મૂકવી અને ચાડી ખાવવી....... ૪૨
૩૧. ધૈર્ય અને આભાર ૪૩
૩૨. ઈસ્તિકામત (મક્કમતા) ૪૪
૩૩. હલાલ, હરામ અને શંકાસ્પદ ૪૫
૩૪. દીનની દા'વત ૪૭
૩૫. નેકીનો હુકમ આપવો અને બૂરાઈથી રોકવું ૪૮
૩૬. શિસ્ત અને આદેશપાલન ૪૯
૩૭. ઝિક્ર અને દુઆ ૫૦
૩૮. તૌબા ૫૨
૩૯. દુનિયા અને આખિરત ૫૨
૪૦. નીય્યતની શુદ્ધિ ૫૪

૧. દીનના બુનિયાદી સ્ત્રોત અને તેમનું જ્ઞાન

(١) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ سَلَّمَ:

اَمَّا بَعْدُ فَاِنَّ خَيْرَ الْحَدِيْثِ كِتَابُ اللّٰهِ وَ خَيْرَ الْهَدْيِ هَدْىُ مُحَمَّدٍ وَ شَرَّ الْاُمُوْرِ مُحْدَثَاتُهَا وَ كُلَّ بِدْعَةٍ ضَلاَلَةٌ. (مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

"હમ્દ-વ-સલાત બાદ, સૌથી શ્રેષ્ઠ વાણી અલ્લાહનો (ગ્રંથ) છે અને સૌથી શ્રેષ્ઠ સીરત-જીવનચરિત્ર મુહમ્મદ સ.અ.વ.ની સીરત છે, અને સૌથી ખરાબ કૃત્ય (દીનમાં) નવા ઉમેરેલાં કાર્યો છે અને દરેક નવી વાત પથભ્રષ્ટતા છે."
(મુસ્લિમ)

સમજૂતી : આ હદીસ દીનના મૂળભૂત સ્ત્રોતની સમજૂતી આપે છે. અલ્લાહનો ગ્રંથ કુર્આનેમજીદ સૌથી શ્રેષ્ઠ કલામ છે. તેમાં સૌ મનુષ્યો માટે, દુનિયા છે ત્યાં સુધી અલ્લાહનું અંતિમ, સુરક્ષિત અને આખરી માર્ગદર્શન છે, માનવજાતની દુનિયા અને આખિરતની સફળતા તેમજ મુક્તિની બાંહેધરી આપનારૂં શિક્ષણ છે. અલ્લાહની પ્રસન્નતા અને નિકટતા સુધી પહોંચાડનારો સન્માર્ગ છે. ઈસ્લામને સમજવા, હક્ક-સત્ય-ને વિશુદ્ધ સ્વરૂપમાં પામવા અને ફિત્નાઓ તથા ગુમરાહીઓથી સુરક્ષિત રહેવા માટે એ અનિવાર્ય છે કે કુર્આનેમજીદને નિખાલસતા, એકાગ્રતા અને શ્રદ્ધા તથા આદરપૂર્વક પઢવામાં આવે, સમજવામાં આવે, અને પોતાને માનસિક રીતે અને વ્યવહારમાં તેના હવાલે કરી દેવામાં આવે, તેના શિક્ષણનો વધુમાં વધુ પ્રસાર કરવામાં આવે. એક રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

"તમારામાં સૌથી શ્રેષ્ઠ વ્યક્તિ તે છે જે કુર્આનનું જ્ઞાન મેળવે અને શીખવાડે."
(બુખારી)

દીનનો બીજો પાયાનો સ્ત્રોત રસૂલુલ્લાહ સ.અ.વ.ની સીરત (જીવન ચરિત્ર) અને સુન્નત (એ કાર્ય જે રસૂલુલ્લાહ સ.અ.વ.એ કર્યું હોય) છે. આ કુર્આનેમજીદની

સમજૂતી અને તેનો વ્યવહારમાં અમલ છે. તેને કુર્આનથી જુદું પાડી શકાય નહીં. અકાઈદ-માન્યતાઓ અને ઈબાદતો, અલ્લાહના હક્કો અને બંદાઓના હક્કોની વિગતો અને ઈસ્લામના વિગતવાર આદેશો સમજવા માટે અને દીન ઉપર અમલ અને દીનની ઈકામત (સ્થાપના)ની વિગતવાર અને વ્યાવહારિક રૂપરેખાથી માહિતગાર થવા માટે રસૂલુલ્લાહ સ.અ.વ.ના કથનો પરિસ્થિતિઓ અને માર્ગદર્શક સૂચનાઓ જોવી જરૂરી છે. ઈસ્લામના વાસ્તવિક અને બુનિયાદી સ્ત્રોત આ બે જ વસ્તુઓ છે. આથી જ રસૂલુલ્લાહ સ.અ.વ.એ ઉમ્મતને વસિયત કરતાં ફરમાવ્યું :

"હું તમારી વચ્ચે બે વસ્તુઓ છોડી જઈ રહ્યો છું, જો તમે તેને દૃઢતાપૂર્વક વળગી રહ્યા તો કદાપિ પથભ્રષ્ટ નહીં થાઓ, અલ્લાહનો ગ્રંથ અને તેના રસૂલની સુન્નત." (મુવત્તા, માલિક)

જે કાંઈ અલ્લાહના ગ્રંથ અને રસૂલુલ્લાહ સ.અ.વ.ની સુન્નતમાં છે તે ઈસ્લામ છે. (દીનના બે સ્ત્રોત બીજા પણ છે : ઈજમાઅ (સર્વસંમતિ) અને કયાસ (અનુમાન); પરંતુ આ મૂળ સ્ત્રોત નથી. તેમનો પાયો પણ અલ્લાહનો ગ્રંથ અને સુન્નતે રસૂલ સ.અ.વ. ઉપર જ છે. આ જ રીતે ખુલફાએરાશેદીન અને સહાબાએકિરામ રિઝવાનુલ્લાહિઅજમઈનના સતત અમલનું મહત્ત્વ પણ એટલા જ માટે છે કે તેમણે સુન્નતે રસૂલ સ.અ.વ.ને મહત્ત્વ આપ્યું છે.)

અને જે કંઈ તેમાં નથી અને દીન સમજી તેને દીનમાં ઉમેરવામાં આવ્યું છે તે રસૂલુલ્લાહ સ.અ.વ.ના ફરમાનની રૂએ સૌથી ખરાબ વસ્તુ છે, એવી તમામ વાતો બિદ્અત છે, ગુમરાહ-પથભ્રષ્ટ કરનારી છે અને દીનના વાસ્તવિક સ્વરૂપને વિકૃત બનાવનારી છે. આવી વાતો અકાઈદ-માન્યતા અને શ્રદ્ધા સાથે પણ સંબંધિત હોઈ શકે, ઈબાદતને લગતી પણ અને કર્મ અને રિવાજોને લગતી પણ. એક રિવાયતમાં આ શબ્દો પણ છે :

"અને ગુમરાહીની વસ્તુ (બિદ્અત) જહન્નમમાં લઈ જનારી છે."

(અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્નેમાજહ)

એક અન્ય રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

"જે કોઈએ અમારી આ બાબતમાં (દીન)માં કોઈ વસ્તુ ઉમેરી તો તે રદબાતલ છે." (બુખારી, તિર્મિઝી)

આજનો મુસલમાન સામાન્ય રીતે ગ્રંથુલ્લાહ (અલ્લાહનો ગ્રંથ-કુર્આન) અને રસૂલુલ્લાહ સ.અ.વ. ની સુન્નતથી ગાફેલ અને બિદ્અત તેમજ રિવાજોનો શિકાર છે !

૨. ઈસ્લામના અરકાન (સ્તંભો)

(૨) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّم :
بُنِيَ الْاِسْلَامُ عَلٰى خَمْسٍ : شَهَادَةِ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَ اَنَّ مُحَمَّدًا
عَبْدُهٗ وَ رَسُوْلُهٗ وَ اِقَامِ الصَّلٰوةِ وَ اِيْتَاءِ الزَّكٰوةِ وَ الْحَجِّ وَ صَوْمِ
رَمَضَانَ ۔(بخاری مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

“ઈસ્લામની બુનિયાદ પાંચ વાતો ઉપર છે : (૧) એ વાતની સાક્ષી આપવી કે અલ્લાહ સિવાય કોઈ ‘ઈલાહ’ નથી અને મુહમ્મદ સ.અ.વ. અલ્લાહના બંદા અને રસૂલ છે, (૨) નમાઝ કાયમ કરવી, (૩) ઝકાત આપવી, (૪) હજ કરવી અને (૫) રમઝાનના રોઝા રાખવા.” (બુખારી, મુસ્લિમ)

સમજૂતી : આ હદીસમાં દીનના પાંચ બુનિયાદી અરકાન (સ્તંભ) સ્પષ્ટ કરવામાં આવ્યા છે જેના પર સમગ્ર દીનની ઈમારત ઊભી થાય છે. આ સ્તંભો ન હોય તો દીનની ઈમારત ઊભી થઈ શકે નહીં, તે જો કાયમ થયા પછી પડી જાય તો દીનની ઈમારત પડી જશે. કોઈએ પણ જો સાચા મુસલમાન બનવું હોય અને દીનને કાયમ કરવું હોય તો તેના માટે સૌથી બુનિયાદી (પાયાનું) કામ એ છે કે આ અરકાનનો સંપૂર્ણપણે હક્ક અદા કરે. આ અરકાનની આ જ અગત્યતાને કારણે એક બીજા પ્રસંગે રસૂલુલ્લાહ સ.અ.વ.એ તેમને ખરેખર ઈસ્લામ ઠેરવ્યા છે.

સૌથી પહેલો સ્તંભ જેની ઉપર ઈસ્લામની બાકીની ઈમારતનો આધાર છે તે આ છે કે, હૃદયપૂર્વક સાક્ષી આપવી કે અલ્લાહ સિવાય કોઈ માલિક અને ‘મા’બૂદ’ (ઉપાસ્ય) નથી અને અલ્લાહ સિવાય કોઈની બંદગી અને ગુલામી કરવાની નથી, અને હઝરત મુહમ્મદ સ.અ.વ. અલ્લાહના આખરી રસૂલ અને બંદા છે. અને અલ્લાહની બંદગી કરવા માટે સંપૂર્ણ જીવનમાં રસૂલુલ્લાહ સ.અ.વ.નું આજ્ઞાપાલન કરવાનું છે. આ શહાદત દુનિયાનો સૌથી મોટો ફેંસલો, સૌથી અઘરો નિર્ધાર અને સૌથી મહત્ત્વપૂર્ણ એલાન છે કે બંદો અલ્લાહની બંદગી માટે એકાગ્ર બની ચૂક્યો. તે અલ્લાહ સિવાય ન તો કોઈની ઉપાસના કરશે ન ગુલામી. તે

અલ્લાહને જ પોતાનો માલિક, હાકેમ અને મા'બૂદ (ઉપાસ્ય) સમજે છે. અલ્લાહ સિવાય દરેક મા'બૂદ (ઉપાસ્ય), દરેક સત્તા અને સ્થાનક તરફથી તેણે મોઢું ફેરવી લીધું અને કેવળ અલ્લાહનો થઈ ગયો. મુહમ્મદુર્રસૂલુલ્લાહ સ.અ.વ.ની સાક્ષી આપવાની સાથે જ તેણે એ વાતનું એલાન કર્યું કે તેનો રાહબર એક જ છે અને તે હઝરત મુહમ્મદ સ.અ.વ. છે. અલ્લાહની બંદગી કરવા માટે તે એમનું જ આજ્ઞાપાલન કરશે અને જીવનના તમામ મામલાઓમાં એમનું જ માર્ગદર્શન અપનાવશે. આ નિર્ણય કર્યા પછી માણસની દિશા નક્કી થઈ જાય છે. તે મનની ઇચ્છાઓ, દુનિયાના રીત-રિવાજો, પરંપરાઓ અને મનુષ્યોએ પોતે ઘડેલા કાયદાઓ અને જીવન વ્યવસ્થાઓનો અનુયાયી બનવાને બદલે અલ્લાહનો બંદો, રસૂલનો અનુયાયી અને ઈસ્લામનું અનુસરણ કરનાર બનશે. આ જ બુનિયાદી ફેંસલા ઉપર ઈસ્લામની આખીય ઈમારતની રચના થાય છે.

દિવસમાં પાંચ વખત નમાઝ મનુષ્યનો સંબંધ અલ્લાહ સાથે જોડે છે, જીવંત કરે છે અને મજબૂત કરે છે. અલ્લાહનો ખોફ અને તેની મહોબ્બત પેદા કરે છે અને શીખવે છે કે મનુષ્ય અલ્લાહનો બંદો છે, બંદા બનીને જ રહેવાનું છે તેમજ અંગત અને સામૂહિક બંને સ્થિતિઓમાં બંદા બનીને રહેવાનું છે.

દુનિયાનો પ્રેમ જે અસંખ્ય ફિત્નાઓનું મૂળ છે, તેને ઝકાત હૃદયમાંથી ઘટાડે છે અને આખિરતનો પ્રેમ વધારે છે, દીનના માર્ગમાં કુર્બાની માટે પ્રેરે છે અને બંદાઓના હક્કોનું મહત્ત્વ સમજાવે છે.

રોઝા મો'મિનને પરહેઝગાર બનાવવા માટે છે. તે સતત એક મહિના સુધી મનુષ્યની શુદ્ધિ કરે છે, તેને ગુનાઓથી બચાવે છે અને ગુનાઓથી બચવાની શક્તિ આપે છે, નેક કાર્યો કરવાની પ્રેરણા આપે છે, ખુદા અને રસૂલુલ્લાહ સ.અ.વ.ના આજ્ઞાપાલનની ભાવના જન્માવે છે, ગરીબોની હમદર્દી માટે પ્રેરે છે અને ખુદાના માર્ગમાં મુસીબતો સહન કરવાની ટેવ પાડે છે.

હજને જો યોગ્ય રીતે અદા કરવામાં આવે તો તે મનુષ્યની કાયા-પલટ કરવા માટે, અલ્લાહ સાથે તેનો સંબંધ જોડવા માટે અને તેના દિલમાં અલ્લાહ, રસૂલ સ.અ.વ. તથા દીન પ્રત્યે હાર્દિક પ્રેમ જન્માવવાનો અકસીર નુસ્ખો છે.

૩. ગુના

(٣) قَالَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰهُ عَلَيْهِ وَسَلَّم :
اَلْكَبَائِرُ الْاِشْرَاكُ بِاللّٰهِ وَعُقُوْقُ الْوَالِدَيْنِ وَقَتْلُ النَّفْسِ وَشَهَادَةُ الزُّوْرِ ۔ (بخاری و مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :
"કબીરા (મોટા) ગુના આ છે : અલ્લાહની સાથે (કોઈને) ભાગીદાર ઠેરવવો, માતા-પિતાની નાફરમાની, કોઈ પણ પ્રાણીની હત્યા કરવી અને જૂઠી સાક્ષી આપવી." (બુખારી, મુસ્લિમ)
સમજૂતી : એ દરેક કામ કબીરા ગુનો છે જેની અલ્લાહ અને તેના રસૂલ સ.અ.વ.એ સ્પષ્ટતાપૂર્વક મનાઈ કરી હોય અને તેને હરામ ઠરાવ્યું હોય. કુર્આનેમજીદ અને અલ્લાહના રસૂલ સ.અ.વ.ની હદીસોમાં ઘણાં કાર્યોની મનાઈ ફરમાવવામાં આવી છે જેની યાદી ખૂબ લાંબી છે. ઉપર્યુક્ત હદીસમાં માત્ર એ જ ગુનાઓનો ઉલ્લેખ છે જે ગુનાઓમાં મોટા ગુના અર્થાત્ અકબરેકબાઈર છે. આ જ હદીસની એક અન્ય રિવાયતમાં જૂઠી સાક્ષીને બદલે જૂઠી સોગંદનો ઉલ્લેખ છે.
એક અન્ય હદીસમાં છે કે :
એક વ્યક્તિએ પૂછ્યું, "હે અલ્લાહના રસૂલ સ.અ.વ. ! અલ્લાહની નજરમાં સૌથી મોટો ગુનો કયો છે ?" ફરમાવ્યું, "તમે અલ્લાહ સાથે કોઈને ભાગીદાર ઠેરવો તે, જો કે અલ્લાહે જ તેમને પેદા કર્યા છે."
પૂછ્યું, "ત્યાર પછી કયો ?" ફરમાવ્યું, "એ કે તમે એ બીકે પોતાની ઓલાદની હત્યા કરો કે તે તમારા ભોજનમાં ભાગ પડાવશે." પૂછ્યું, "ત્યાર બાદ કયો ?" ફરમાવ્યું, "એ કે તમે પોતાના પાડોશીની પત્ની સાથે ઝિના (વ્યભિચાર) કરો."
(બુખારી, મુસ્લિમ)
એક અન્ય હદીસમાં છે કે રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :
"સાત ઘાતક ગુનાઓથી બચો."
સહાબા રદિ.એ અરજપૂર્વક કહ્યું, "તે (ગુના) કયા છે ?" ફરમાવ્યું, "અલ્લાહની

સાથે કોઈને ભાગીદાર ઠેરવવો, નાહક ખૂન કરવું, વ્યાજખોરી, અનાથનો માલ ખાવો, જિહાદ પ્રસંગે યુદ્ધના મેદાનમાંથી નાસી જવું અને નિષ્કલંક તથા મો'મિન અને ભોળી સ્ત્રીઓ ઉપર ઝિના (વ્યભિચાર)ની તહોમત મૂકવી."

(બુખારી, મુસ્લિમ)

એક અન્ય રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

"ઝિના કરનાર જ્યારે ઝિના કરે છે ત્યારે ઈમાનની સ્થિતિમાં ઝિના નથી કરતો, ચોરી કરનાર જ્યારે ચોરી કરે છે ત્યારે ઈમાનની સ્થિતિમાં ચોરી નથી કરતો અને જ્યારે તે દારૂ પીએ છે ત્યારે ઈમાનની હાલતમાં દારૂ નથી પીતો અને જ્યારે તે લૂંટફાટ કરે છે અને લોકો તેને જોઈ રહ્યાં હોય છે ત્યારે તે ઈમાનની હાલતમાં લૂંટફાટ નથી કરતો, અને જ્યારે તમારામાંથી કોઈ અપ્રમાણિકતા આચરે છે ત્યારે ઈમાનની હાલતમાં અપ્રમાણિકતા આચરતો નથી, તો તમે આ તમામ ગુનાઓથી દૂર ભાગો, દૂર ભાગો." (બુખારી, મુસ્લિમ)

આ જ હદીસની એક બીજી રિવાયતમાં કત્લે-નફ્સ (જીવહત્યા)નો પણ ઉલ્લેખ છે. આવી જ રીતે એ તમામ વાતો જેમને હદીસમાં કુફ્ર અથવા નિફાક અથવા ફિસ્ક (નાફરમાની) કહેવામાં આવી છે, અથવા જેના માટે જહન્નમની ચેતવણી આપવામાં આવી છે, અથવા જેના આચરનારાઓ વિષે કહેવામાં આવ્યું છે કે તેઓ જન્નતમાં દાખલ નહીં થાય, અથવા અલ્લાહ તેમનાથી નારાજ થશે અને તેમની ઉપર દયાદૃષ્ટિ નહીં કરે એવા તમામ કામ કબીરા ગુના છે. એમાંના થોડાનો ઉલ્લેખ આગળ આવશે.

૪. રસૂલુલ્લાહ ﷺનું આજ્ઞાપાલન

(۴) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ:

كُلُّ اُمَّتِىْ يَدْخُلُوْنَ الْجَنَّةَ اِلَّا مَنْ اَبٰى ، قِيْلَ وَمَنْ اَبٰى ، قَالَ مَنْ اَطَاعَنِىْ دَخَلَ الْجَنَّةَ وَمَنْ عَصَانِىْ فَقَدْ اَبٰى ۔ (بخارى)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

"મારી ઉમ્મતના બધા લોકો જન્નતમાં જશે, એ સિવાય જેઓ ઈન્કાર કરે."

પૂછવામાં આવ્યું, "(આપની ઉમ્મતમાં) ઈન્કાર કરનાર કોણ છે ?" ફરમાવ્યું, "જેણે મારૂં આજ્ઞાપાલન કર્યું તે જન્નતમાં જશે અને જેણે મારી અવજ્ઞા કરી નિઃશંક તેણે (મારો) ઈન્કાર કર્યો." (બુખારી)

સમજૂતી : આ હદીસ ઉપરથી ત્રણ વાતો જાણવા મળી. એક એ કે રસૂલુલ્લાહ સ.અ.વ.ની સમગ્ર ઉમ્મત જન્નતમાં જશે. બીજી એ કે જન્નતમાં એ જ લોકો જશે જેઓ અલ્લાહના રસૂલ સ.અ.વ.નું આજ્ઞાપાલન કરનારા છે. બીજા શબ્દોમાં રસૂલુલ્લાહ સ.અ.વ.ના આદેશોની જાણી જોઈને અવજ્ઞા કરનારા અને તેને વળગી રહેનારા જન્નતને નહીં પણ જહન્નમને પાત્ર છે, અને ત્રીજી વાત એ કે રસૂલુલ્લાહ સ.અ.વ.ની જાણી જોઈને અવજ્ઞા કરવી અને તેને વળગી રહેવું તથા નિશ્ચિંત રહેવું રસૂલુલ્લાહ સ.અ.વ.ના ઈન્કાર બરાબર છે, ભલે આવી વ્યક્તિ જીભ દ્વારા ઈમાન અને ઈસ્લામ તથા અલ્લાહ અને રસૂલના પ્રેમનો ગમે તેટલો દાવો કરતી હોય. ઈમાનની સાચી કસોટી માત્ર અલ્લાહ અને તેના રસૂલ સ.અ.વ.નું વ્યવહારમાં અનુસરણ છે, મોઢાની વાતો અને આડંબર નહીં.

૫. રસૂલુલ્લાહ ﷺ અલ્લાહના બંદા છે

(٥) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ سَلَّمَ :

لَا تُطْرُوْنِىْ كَمَا اَطْرَتِ النَّصَارٰى ابْنَ مَرْيَمَ فَاِنَّمَا اَنَا عَبْدُهٗ فَقُوْلُوْا عَبْدَاللّٰهِ وَ رَسُوْلَهٗ . (بخارى. مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

"મને હદથી (આગળ) ન વધારો, જેવી રીતે ખ્રિસ્તીઓએ ઈસા ઈબ્ને મરયમ અ.સ.ને હદથી વધારી દીધા. હું તો તેનો બંદો જ છું, તો મને અલ્લાહનો બંદો અને તેનો રસૂલ જ કહો." (બુખારી, મુસ્લિમ)

સમજૂતી : આ હદીસ ઉપરથી જણાયું કે હઝરત મુહમ્મદ સ.અ.વ. અલ્લાહના અંતિમ રસૂલ અને બનીઆદમ (આદમની સંતાન)ના સરદાર હોવા છતાં અલ્લાહના બંદા અને તેના રસૂલ જ છે; તેઓ ન ખુદા છે, ન ખુદાના પુત્ર. ન તો ખુદાના અવતાર છે, ન તો માનવીય સ્વરૂપમાં ખુદા. ન તો તેમની અંદર ખુદાઈ

શાન છે. તેઓ 'બશર' (માનવી) છે, બંદા છે, અલબત્ત મનુષ્યોમાં સૌથી શ્રેષ્ઠ મનુષ્ય અને સર્વ બંદાઓમાં શ્રેષ્ઠ બંદા છે, અલ્લાહના સૌથી નજીકના બંદા અને આખરી નબી છે.

જેવી રીતે ખ્રિસ્તીઓએ ઈસા અલૈહિસ્સલામને પિતા વિનાનો પુત્ર કહેવાને કારણે ક્યારેક ખુદાનો પુત્ર કહ્યાં, ક્યારેક ખુદાનું પ્રગટ સ્વરૂપ કહ્યાં, ક્યારેક તેમને .... ખુદા-પિતા, પુત્ર અને રૂહુલકુદ્દુસમાંથી એક ખુદા ગણાવ્યાં અને ક્યારેક તેમને ખુદા જ ઠેરવી દીધાં અને આ અકીદો અખત્યાર કરીને કુર્આન અને હદીસના શબ્દોમાં શિર્ક કર્યું. આવી જ રીતે જો મુસલમાનો હુઝૂર સ.અ.વ.ની બાબતમાં આ પ્રકારનો અકીદો રાખશે કે તે અહમદ 'બિલા મીમ' (અર્થાત્ અહદ, ખુદા) છે, અથવા એવું વિચારે કે ખુદા માનવીય રૂપમાં હુઝૂર સ.અ.વ.ના રૂપમાં આવી ગયો છે, અથવા અલ્લાહના રસૂલ સ.અ.વ.ને બંદાને બદલે ખુદાઈનું સ્થાન આપી દેશે અને આપ સ.અ.વ.ની અંદર ખુદાઈ શાન છે તેમ માનશે તો એ ખ્રિસ્તીઓ જેવું શિર્ક જ હશે.

૬. ઈમાનવાળા માટે અનિવાર્ય શરત

(٢) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ :

لَا يُؤْمِنُ اَحَدُكُمْ حَتّٰى اَكُوْنَ اَحَبَّ اِلَيْهِ مِنْ وَّلَدِهٖ وَ وَالِدِهٖ وَالنَّاسِ اَجْمَعِيْنَ۔ (بخاری ،مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

''તમારા પૈકી કોઈ વ્યક્તિ ત્યાં સુધી ઈમાનવાળી ન હોઈ શકે જ્યાં સુધી હું તેને તેની સંતાન, તેના પિતા અને સમગ્ર માનવો કરતાં વધારે પ્રિય ન હોઉં.''

(બુખારી, મુસ્લિમ)

સમજૂતી : કુર્આનેમજીદમાં છે :

''જેઓ ઈમાનવાળા છે તેઓ અલ્લાહ સાથે સૌથી વધુ પ્રેમ કરે છે.

(સૂર: બકરહ, ૧૬૫)

કેટલીક બીજી આયતો અને આ હદીસ તેમજ બીજી કેટલીક હદીસો દ્વારા માલૂમ પડે છે કે ઈમાનવાળા હોવાની અનિવાર્ય શરત એ છે કે મો'મિનને રસૂલ સ.અ.વ. સમગ્ર સૃષ્ટિ, સંતાન, માતા-પિતા અને સમગ્ર માનવો કરતાં વધારે પ્રિય હોય.
અલ્લાહના રસૂલ સ.અ.વ. સાથે સૌથી વધુ પ્રેમ ધરાવવાનો એક અર્થ એ છે કે રસૂલુલ્લાહ સ.અ.વ.ના ઈર્શાદો અને આદેશો પ્રત્યે મો'મિનને હૃદયપૂર્વકનો પ્રેમ હોય. અને તે સંતાન, પોતાના માતા-પિતા અને સમગ્ર મનુષ્યોના હિતો અને તેમની ખુશી-નાખુશીનો વિચાર કર્યા વગર ઉત્સાહપૂર્વક આપ સ.અ.વ.ના અનુસરણમાં પરોવાઈ જાય અને સમગ્રપણે આપ સ.અ.વ.નો અનુયાયી બની જાય.
અલ્લાહના રસૂલ સ.અ.વ. સાથે પ્રેમનો બીજો અર્થ એ છે કે આપ સ.અ.વ.નું જીવન, આપની સીરત-ચારિત્ર્ય, આપનો આદર્શ, આપની સુન્નત અને આપનો રસ્તો એમને દુનિયાની બીજી દરેક વ્યક્તિની પદ્ધતિ કરતાં વધુ પ્રિય હોય. અને આપની સુન્નત અને આપની સીરતને નજર સમક્ષ રાખી તે પ્રમાણે જીવન બનાવવા માટે પ્રયત્ન કરીએ અને આપના પદ્ચિહ્નો ઉપર ચાલવા માટે પ્રયાસ કરીએ.
રસૂલુલ્લાહ સ.અ.વ. સાથે પ્રેમનો ત્રીજો અર્થ એ છે કે આપ જે દીન લાવ્યા હતા અને જે આપને પોતાના પ્રાણ કરતાં વધુ વહાલો હતો, જેની ઉપર અમલ કરવા, જેનો પ્રસાર કરવા, જેને સર્વોપરી બનાવવા આપે પોતાને સમર્પિત કરી દીધા હતાં, જેની ખાતર આપે મોટી મોટી મુસીબતો સહન કરી, ભૂખમરો સહન કર્યો, ઘર અને વતન છોડ્યાં, જીવનું જોખમ ખેડ્યું, ઘા ખમીને લોહીલુહાણ થયાં, જેના માટે આપ જીવનના અંતિમ શ્વાસ સુધી અથાગ પ્રયાસ કરતાં રહ્યાં તે આપણને પણ આપણા પ્રાણ કરતાં વધુ વહાલો હોય અને આપણે પણ એના ઉપર અમલ કરવા, એનો પ્રચાર કરવા અને એને સર્વોપરી બનાવવા માટે પોતાને સમર્પિત કરી દઈએ, તેના માટે દરેક પ્રકારની મુશ્કેલીઓ સહન કરીએ અને પ્રાણ તથા સંપત્તિ, સંતાન, વતન, ભાવિ સુખ-સુવિધા દરેકની કુર્બાની આપીએ.
રસૂલુલ્લાહ સ.અ.વ. સાથે પ્રેમનો ચોથો અર્થ એ છે કે આપણે આપના માટે, આપના વંશજો અને સહાબીઓ રદિ. માટે અને એ તમામ લોકો માટે દુઆએ ખૈર કરીએ જેઓ આપના માર્ગ ઉપર ચાલે અને આપના દીનના પ્રસાર માટે તથા તેને સર્વોપરી બનાવવા માટે પરિશ્રમ કરે. આપણી ઉપર રસૂલુલ્લાહ સ.અ.વ.ના અસંખ્ય ઉપકારો છે. તેમનો આપણે એ સિવાય કોઈ વળતર-બદલો નથી આપી શકતાં કે આપણે અલ્લાહ પાસે દુઆ કરીએ કે તે આપને સર્વશ્રેષ્ઠ બદલો આપે.

નમાઝના અંતે દરૂદ પઢવી આ જ કારણે સુન્નત છે. નમાઝ સિવાય પણ જ્યારે તક મળે, ત્યારે રસૂલુલ્લાહ સ.અ.વ. અને આપની આલ-વંશજો (અને એ સૌ લોકો આપની આલ છે જેઓ આપનું મિશન અપનાવે) ઉપર દરૂદ મોકલીએ, કારણ કે આ પ્રેમની નિશાની છે અને તેનાથી મહોબ્બત પણ વધે છે.

૭. મુનાફિક (દંભી)

(૭) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ :

مَثَلُ الْمُنَافِقِ كَالشَّاةِ الْعَائِرَةِ بَيْنَ غَنَمَيْنِ تَعِيْرُ اِلٰى هٰذِهٖ مَرَّةً وَّاِلٰى هٰذِهٖ مَرَّةً ـ (مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

"દંભીનું ઉદાહરણ એ બકરી જેવું છે જે બે ટોળાં વચ્ચે આંટા માર્યા કરતી હોય, ક્યારેક આ ટોળામાં જાય છે અને ક્યારેક પેલા ટોળામાં" (મુસ્લિમ)

સમજૂતી : મો'મિન અલ્લાહની હસ્તી અને તેના ગુણો, અલ્લાહના રસૂલની રિસાલત, ઈસ્લામની સત્યતા અને આખિરતની કાયમી જિંદગી ઉપર દ્રઢ વિશ્વાસના કારણે અલ્લાહની બંદગી, રસૂલનું આજ્ઞાપાલન, ઈસ્લામનું અનુસરણ અને અલ્લાહની પ્રસન્નતાની પ્રાપ્તિ અને આખિરત-પ્રાપ્તિનો માર્ગ સાચા હૃદયથી અને નિખાલસતાપૂર્વક અપનાવી લે છે અને બીજા દીન, કાનૂન અને વાદોથી વિમુખ બની ઈસ્લામ માટે એકાગ્ર બની જાય છે. તેનો સંબંધ માત્ર એ જૂથ સાથે જ હોય છે જે ઈસ્લામના અનુસરણ, તેની દા'વત (આમંત્રણ) અને તેની ઈકામત-સ્થાપના-માટે અસ્તિત્વમાં આવે છે. તેનાથી ઊલ્ટું, દંભી માણસ ઈમાન અને શ્રદ્ધાથી વંચિત રહી સંશય અને દ્વિધાનો ભોગ બને છે. ક્યારેક નફ્સ ઈચ્છાઓ અને શૈતાનની બંદગીમાં લાગી જાય છે. ક્યારેક રસૂલ સ.અ.વ.નું અનુસરણ કરે છે અને ક્યારેક પોતાના જેવા મનુષ્યોનું અનુસરણ કરવા લાગે છે. ક્યારેક ક્યારેક ઈસ્લામનું અનુસરણ કરે છે, તો ક્યારેક માનવીએ રચેલી વ્યવસ્થાઓ, બંધારણો અને વાદોનો

ઝંડો લઈ ફરે છે, ક્યારેક તે મુસલમાનોનો સાથ આપે છે અને ક્યારેક દીન અને મિલ્લતના હિત વિરુદ્ધ કાફિરો અને મુશ્રિકોની સાથે ભળી જાય છે. તે બલિદાન આપવા માગતો નથી પરંતુ લાભ દરેક જગ્યાએથી લેવા માગે છે. આ છે મુનાફિક! હક્ક-સત્ય-માટે નિખાલસતા અને એકાગ્રતાથી વંચિત પોતે જ પોતાનો દુશ્મન !

૮. દંભીના ગુણધર્મો

(٨) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ سَلَّمَ :

اَرْبَعٌ مَّنْ كُنَّ فِيْهِ كَانَ مُنَافِقًا خَالِصًا وَ مَنْ كَانَتْ فِيْهِ خَصْلَةٌ مِّنْهُنَّ كَانَتْ فِيْهِ خَصْلَةٌ مِّنَ النِّفَاقِ حَتّٰى يَدَعَهَا اِذَااؤْتُمِنَ خَانَ وَ اِذَا حَدَّثَ كَذَبَ وَ اِذَا عَاهَدَ غَدَرَ وَ اِذَا خَاصَمَ فَجَرَ. (بخاری ،مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

"ચાર ટેવો છે. જે વ્યક્તિમાં આ ટેવો હોય તે સંપૂર્ણપણે દંભી છે. અને જો વ્યક્તિમાં આમાંથી કોઈ એક ટેવ હોય તો તેમાં દંભની એક ટેવ હશે, એટલે સુધી કે તે છોડી દે : (૧) જ્યારે 'અમાનત' (થાપણ) રાખવામાં આવે તો વિશ્વાસઘાત કરે, (૨) વાત કરે તો જૂઠું બોલે, (૩) વચન આપે તો વચનભંગ કરે અને (કોઈની) સાથે ઝઘડે ત્યારે ગાળાગાળી કરવા લાગે (અથવા સત્ય અને ન્યાય તથા નેકીથી ફરી જાય)." (બુખારી, મુસ્લિમ)

સમજૂતી : દંભનો સંબંધ હકીકતમાં હૃદય સાથે છે. દંભીનું હૃદય ઈમાન અને યકીનથી ખાલી તથા શંકા અને દ્વિધાથી ભરેલું હોય છે; પરંતુ ઈમાનની જેમ તેના પણ કેટલાક બાહ્ય ચિહ્નો છે જેના દ્વારા દંભને ઓળખી શકાય છે. દંભનું એક ચિહ્ન આગળની હદીસમાં વર્ણવવામાં આવ્યું છે અને ચાર ચિહ્નો આ હદીસમાં વર્ણવવામાં આવ્યાં છે.

આ હદીસ ઉપરથી સ્પષ્ટ થયું કે વિશ્વાસઘાત, જૂઠું બોલવું, વચનભંગ અને ગાળાગાળી (અથવા હક્ક હડપ કરી જવું) દંભીની ચાર ટેવો છે અને જે વ્યક્તિ આ કામો કરવા ટેવાયેલી છે તે સંપૂર્ણપણે દંભી છે. આનાથી વિરુદ્ધ અમાનતદારી, સચ્ચાઈ,

વચનપાલન અને સંધિ અને યુદ્ધમાં, દરેક હાલતમાં, સત્ય અને ન્યાય તથા સભ્યતા અને શરાફત સાથે સંબંધ રાખવો ઈમાનના પાયાના (બુનિયાદી) ગુણો છે. વ્યક્તિ એટલી જ મો'મિન છે જેટલા પ્રમાણમાં તેની અંદર આ ગુણો હોય.

૯. સાચો મુસલમાન

(૧) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ سَلَّمَ :

اَلْمُسْلِمُ مَنْ سَلِمَ الْمُسْلِمُوْنَ مِنْ لِّسَانِهٖ وَ يَدِهٖ وَالْمُهَاجِرُ مَنْ هَجَرَ مَا نَهَى اللّٰهُ عَنْهُ ـ (بخارى ، مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

''મુસલમાન એ છે જેની જીભ અને હાથથી મુસલમાનો સુરક્ષિત રહે અને મુહાજિર (હિજરત કરનાર) તે છે જે એ કામો છોડી દે જેના (કરવા)થી અલ્લાહે અટકાવ્યો છે.'' (બુખારી, મુસ્લિમ)

સમજૂતી : આ હદીસ વડે સાચા મુસલમાન અને સાચા મુહાજિરની વ્યાખ્યા જાણવા મળે છે. સાચો મુસલમાન તે છે જેની જીભ અને હાથ દ્વારા કોઈ મુસલમાનનો હક્ક ન છીનવાય. તે ન તો પોતાની જીભથી કોઈ મુસલમાનની નિંદા કરે, ન ચાડી ખાય, ન મ્હેણાં મારે, ન મજાક ઉડાવે, ન આક્ષેપ મૂકે, ન ગાળ આપે, ન કોઈ એવી વાત કહે જે તેને દુઃખ પહોંચાડનારી હોય. આવી જ રીતે તે પોતાના હાથ, પોતાની શક્તિ અને પોતાની વગનો ઉપયોગ કોઈ પણ મુસલમાન વિરુદ્ધ ન કરે, તે તેના દુશ્મન અને ભૂંડું ઈચ્છનાર બનવાને બદલે તેનો શુભેચ્છક હોય.

મુહાજિર એ વ્યક્તિને કહે છે જે અલ્લાહની પ્રસન્નતા માટે પોતાના દેશનો ત્યાગ કરે, કારણ કે ત્યાં રહી દીન ઉપર અમલ અને દીનની દા'વત-આમંત્રણનું કામ મુશ્કેલ બલ્કે અશક્ય બની ગયું હોય. હિજરત એક અત્યંત મહાન નેકી, અત્યંત મહાન કુર્બાની અને સાચા-નિખાલસ-મો'મિન હોવાનો ઘણો મોટો સબૂત છે. પરંતુ દેશ ત્યાગ તો માત્ર તેનું બાહ્ય સ્વરૂપ જ છે. તેનો આત્મા-હાર્દ-એ છે કે મો'મિન એ

દરેક કાર્યનો ત્યાગ કરે જે અલ્લાહને પસંદ ન હોય અને જે કાર્યની મનાઈ કરી હોય. આ રૂહ જો મોજૂદ હોય તો દેશત્યાગ ન કરે તો પણ મો'મિન મુહાજિર છે, નહીં તો દેશત્યાગ છતાં પણ તે મુહાજિર નથી.

૧૦. સાચો મો'મિન

(١٠) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ :
وَالَّذِىْ نَفْسِىْ بِيَدِهٖ لَا يُؤْمِنُ اَحَدُكُمْ حَتّٰى لِاَخِيْهِ مَا
يُحِبُّ لِنَفْسِهٖ ـ (بخارى ،مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

''એ હસ્તીના સોગંદ જેના હાથમાં મારા પ્રાણ છે, તમારા પૈકી કોઈ વ્યક્તિ ત્યાં સુધી મો'મિન નહીં હોય જ્યાં સુધી તે પોતાના ભાઈ માટે એ પસંદ ન કરે જે પોતાના માટે પસંદ કરે છે.'' (બુખારી, મુસ્લિમ)

સમજૂતી : આ હદીસમાં સાચા મો'મિનની વ્યાખ્યા વર્ણવવામાં આવી છે. દરેક વ્યક્તિ પોતાનું હિત જુએ છે અને અન્ય કોઈ પણ વસ્તુ તેમજ વ્યક્તિ કરતાં વધારે પોતાનું હિત જુએ છે. તે કદી પણ પોતાનું બૂરૂં ઈચ્છતી નથી. તે પોતાની સફળતા અને સુખાકારી માટે હંમેશાં ચિંતિત રહે છે. રસૂલુલ્લાહ સ.અ.વ.ના આ ઈર્શાદનો અર્થ એ છે કે જેવી રીતે માણસ પોતાનું ભલું ઈચ્છે છે, બૂરૂં ઈચ્છતો નથી તેવી જ રીતે દરેક મો'મિને બીજા મો'મિનનું બૂરૂં ઈચ્છનાર નહીં પરંતુ ભલું ઈચ્છનાર હોવું જોઈએ. જેવી રીતે તે પોતાના માટે પ્રગતિ, સફળતા તથા સુખાકારી ઈચ્છે છે એવી જ રીતે તેણે બીજા મુસલમાન માટે, જે હકીકતમાં તેનો ભાઈ છે તેના માટે પ્રગતિ, સફળતા તથા કલ્યાણ ઈચ્છવું જોઈએ, તેની સફળતાથી ખુશ થવું જોઈએ અને તેની નિષ્ફળતા અને પતનથી દુઃખી થવું જોઈએ. જે વ્યક્તિ બીજા મુસલમાનના દુઃખ અને આફત ઉપર ખુશ થાય તે મુસલમાન નથી. આખિરતની સફળતા સૌથી

મોટી સફળતા છે અને આખિરતની નિષ્ફળતા સૌથી મોટી નિષ્ફળતા છે. જે મુસલમાનો દીનના માર્ગથી દૂર ચાલ્યા ગયા હોય તેમના માટે સૌથી મોટી શુભેચ્છા એ છે કે તેમને સાચા મુસલમાન બનાવવા માટે પ્રયત્ન કરતા રહેવું જોઈએ જેથી તેઓ આખિરતની કાયમી સફળતા પામી શકે.

૧૧. ઈમાનવાળાઓનો પારસ્પરિક સંબંધ

(۱۱) قَالَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَ سَلَّمَ :

اَلْمُؤْمِنُ لِلْمُؤْمِنِ کَالْبُنْیَانِ یَشُدُّ بَعْضُہٗ بَعْضاً ثُمَّ شَبَّکَ بَیْنَ اَصَابِعِہٖ (بخاری ،مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

''મો'મિન મો'મિન માટે એ દીવાલ સમાન છે જેનો એક ભાગ બીજા ભાગને મજબૂત બનાવે છે.

ત્યારબાદ આપ સ.અ.વ.એ પોતાની આંગળીઓ એકબીજામાં પરોવી (કે આ રીતે).'' (બુખારી, મુસ્લિમ)

સમજૂતી : અર્થાત્ ઈમાનવાળાઓના હૃદય પરસ્પર જોડાયેલાં હોય છે, તેમની વચ્ચે પ્રેમ અને ચાહના હોય છે અને તેઓ ખૂબ જ સુસંગઠિત હોય છે-જેમકે ભીંતની ઈંટો એકમેકની સાથે જોડાયેલી હોય છે.

વિખરાયેલી ઈંટો જ્યારે જોડાઈને દીવાલ બની જાય છે ત્યારે ઘણી મજબૂત બની જાય છે. દરેક ઈંટ બીજી ઈંટ સાથે મળીને એકમેકને શક્તિ પહોંચાડે છે અને આમ અસંખ્ય ઈંટો શક્તિશાળી બની જાય છે. આ જ હાલત ઈમાનવાળાઓની છે. તેઓ પારસ્પરિક પ્રેમ અને સ્નેહ તેમજ સંગઠન અને વ્યવસ્થા દ્વારા બીજાને શક્તિ પહોંચાડે અને પોતે પણ શક્તિ પ્રાપ્ત કરે છે. મો'મિન દુનિયામાં એકલો હોતો નથી. અસંખ્ય ઈમાનવાળા તેની હિમાયતમાં અને સુખ-દુઃખમાં સામેલ હોય છે. સાચા ઈસ્લામી સમાજની વિશિષ્ટતાનો ઉલ્લેખ કરતાં અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું :

''તમે ઈમાનવાળાઓને એ રીતે પરસ્પર પ્રેમ, મહેરબાની અને સ્નેહ કરતાં જોશો

જાણે તેઓ સૌ એક જ શરીર છે. જે રીતે શરીરનો એક અંગ બીમાર પડે છે ત્યારે સમગ્ર શરીર તાવમાં તપીને અને સજાગ બની તેની મદદે દોડી જાય છે."

(બુખારી, મુસ્લિમ)

પરંતુ આવું ત્યારે જ શક્ય બને જ્યારે ઇસ્લામી સમાજનો પાયો અલ્લાહ અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના અનુસરણ ઉપર હોય, અલ્લાહના કલામનો પ્રસાર તેનો ધ્યેય હોય અને આ ધ્યેયના પાયા ઉપર વ્યવસ્થિત અને સંગઠિત હોય.

૧૨. માતા-પિતાની સેવા

(١٢) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ:

رَغِمَ اَنْفُهٗ رَغِمَ اَنْفُهٗ رَغِمَ اَنْفُهٗ ، قِيْلَ مَنْ يَّا رَسُوْلَ اللّٰهِ قَالَ مَنْ اَدْرَكَ

وَالِدَيْهِ عِنْدَ الْكِبَرِ اَحَدَهُمَا اَوْ كِلَاهُمَا ثُمَّ لَمْ يَدْخُلِ الْجَنَّةَ . (مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

"તેનું નાક ધૂળમાં મળે ! તેનું નાક ધૂળમાં મળે ! તેનું નાક ધૂળમાં મળે !" પૂછવામાં આવ્યું : "કોનું, હે અલ્લાહના રસૂલ સ.અ.વ. ?" ફરમાવ્યું, "જેણે પોતાના માતા-પિતા, બંને અથવા તે પૈકી કોઈ એકની વૃદ્ધાવસ્થા જોઈ અને પછી જન્નતમાં દાખલ ન થયો." (મુસ્લિમ)

સમજૂતી : અર્થાત્ જેણે માતા-પિતાની સેવા નથી કરી તે જન્નતમાં નહીં જાય. અને જેણે તેમની સેવા અલ્લાહની પ્રસન્નતા માટે કરી, તે જન્નત પામશે. વૃદ્ધાવસ્થાનો ઉલ્લેખ એટલા માટે છે કે વૃદ્ધાવસ્થામાં માતા-પિતા સેવા-ચાકરીના વધારે મોહતાજ હોય છે. અને વૃદ્ધાવસ્થાને કારણે તેમનો સ્વભાવ ચીડિયો થઈ જાય છે, તેમજ બેકાર અને સેવા-ચાકરીના મોહતાજ હોવાને કારણે તેઓ બોજારૂપ લાગે છે. એક અન્ય રિવાયતમાં છે કે :

એક વ્યક્તિએ પૂછ્યું, "હે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ ! સંતાન ઉપર માતા-પિતાનો શું હક્ક છે ?" ફરમાવ્યું, "તે બંને તમારી જન્નત અને તમારી દોજખ છે." (ઇબ્ને માજહ)

એક અન્ય રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું :

"સૌથી મોટી નેકી (સદ્કાર્ય) એ છે કે મનુષ્ય પોતાના પિતા પછી પોતાના પિતાના મિત્રના હક્ક અદા કરે." (મુસ્લિમ)
અર્થાત્ માતા-પિતા જ નહીં, માતા-પિતાના સંબંધીઓ અને તેમને ચાહનારાઓનો પણ સંતાન ઉપર અધિકાર છે.

૧૩. સંતાન અને ઘરના લોકોની જવાબદારી

(۱۳) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ:
اَلَا كُلُّكُمْ رَاعٍ وَّ كُلُّكُمْ مَّسْئُوْلٌ عَنْ رَعِيَّتِهٖ۔ (بخاری، مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :
"સાંભળો ! તમારા પૈકી દરેક વ્યક્તિ જવાબદાર અને રખેવાળ છે અને દરેકને તેની પ્રજા વિષે પૂછવામાં આવશે." (બુખારી, મુસ્લિમ)
સમજૂતી : આ એક લાંબી હદીસના આરંભનો ટુકડો છે. સંપૂર્ણ હદીસ આ પ્રમાણે છે :
"સાંભળો ! તમારા પૈકી દરેક વ્યક્તિ જવાબદાર અને રખેવાળ છે અને દરેકને તેની પ્રજા વિષે પૂછવામાં આવશે. તો ઈમામ લોકો ઉપર હાકેમ છે અને તેને પ્રજા વિષે પૂછવામાં આવશે. પુરુષ પોતાના ઘરના લોકો માટે જવાબદાર અને રખેવાળ છે અને તેની એની પ્રજા વિષે પૂછ-પરછ થશે, સ્ત્રી પોતાના પતિના ઘર અને તેના સંતાનો માટે જવાબદાર અને રખેવાળ છે અને તેને તેમના વિષે સવાલ કરવામાં આવશે, અને ગુલામ પોતાના માલિકનો રખેવાળ છે અને તેને તેના વિષે પૂછવામાં આવશે. તેથી તમારા પૈકી દરેક વ્યક્તિ જવાબદાર છે અને દરેક વ્યક્તિને તેની રૈયત વિષે પૂછવામાં આવશે." (બુખારી, મુસ્લિમ)
આ હદીસ ઉપરથી જાણવા મળ્યું કે જે વ્યક્તિના અધિકાર અને રખેવાળમાં જે વસ્તુઓ અથવા વ્યક્તિઓ સોંપવામાં આવી છે કયામતના દિવસે તેને તેમના વિષે પૂછવામાં આવશે કે તેમના હક્કો બરાબર રીતે અદા કર્યા કે નહીં. અમાનતમાં ખિયાનત તો નથી કરી તેમજ તેમની સુધારણા ને ઘડતરની કોશિશ કરી કે નહીં. આ જ સવાલ મુસલમાનોના અમીર (આગેવાન) અને હાકેમોને તેમની પ્રજા વિષે

કરવામાં આવશે, આ જ સવાલ ગુલામને તેના માલિકની સંપત્તિ અને માલ વિષે કરવામાં આવશે, આ જ સવાલ દરેક વ્યક્તિને તેની સંતાન અને ઘરના લોકો વિષે કરવામાં આવશે અને આ જ સવાલ દરેક સ્ત્રીને તેના સંતાન અને ઘરના માલ-સામાન વિષે કરવામાં આવશે.

૧૪. પત્ની સાથે સદ્‌વર્તન

(۱۴) قَالَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَ سَلَّمَ :

اَلدُّنْیَا كُلُّهَا مَتَاعٌ وَّ خَیْرُ مَتَاعِهَا الْمَرْأَةُ الصَّالِحَةُ ۔ (مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

''દુનિયા તો થોડા દિવસની સામગ્રી છે અને આમાં સૌથી શ્રેષ્ઠ વસ્તુ નેક પત્ની છે.'' (મુસ્લિમ)

સમજૂતી : સામાન્યતઃ ઈસ્લામ સિવાયના ધર્મો સ્ત્રીને નફરતને પાત્ર તેમજ પાપનું મૂળ ગણે છે. જ્યારે બીજી બાજુ પાશ્ચાત્ય સંસ્કૃતિએ સ્ત્રીને કામવાસના સંતોષવાનું એક સાધન બનાવી મૂકી છે. આના પરિણામે સમાજમાં નિર્લજ્જતા તેમજ અશ્લીલતા વ્યાપક બન્યાં છે અને સમાજનું માળખું છિન્ન-ભિન્ન થઈ ગયું છે. પરંતુ ઈસ્લામે નેક અને ચારિત્ર્યવાન પત્નીને દુનિયાની શ્રેષ્ઠ ને'મત ગણાવી છે. આમ તેણે તેને અત્યંત ઉચ્ચ દરજ્જો આપી દુનિયાની સૌથી મૂલ્યવાન વસ્તુ બનાવી છે.

એક બીજી રિવાયતમાં રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે :

''સ્ત્રીઓ માટે સદ્‌વર્તનની શિખામણનો સ્વીકાર કરો. એમનું સર્જન પાંસળીમાંથી થયેલું છે, અને સૌથી ઉપરની પાંસળી સૌથી વધુ વાંકી હોય છે. જો પાંસળીને સીધી કરવા જશો તો તેને તોડી બેસશો અને તેને તેની હાલત ઉપર છોડી દેશો તો તે વાંકી રહેશે, તો સ્ત્રીઓ વિષે મારી શિખામણ સ્વીકારો.'' (બુખારી, મુસ્લિમ)

અર્થાત્ સ્ત્રીનો સ્વભાવ પાંસળી જેવો છે. જેમ પાંસળી સ્વાભાવિક રીતે વાંકી હોય છે અને તેનું વાંકું હોવું જ બરાબર અને ફાયદાકારક છે, તેને સીધી કરી શકાતી નથી, સીધી કરવા જઈશું તો તે તૂટી જશે અને નકામી થઈ જશે, એવી જ રીતે પુરુષની સરખામણીમાં સ્ત્રીને વધુ લાગણીશીલ બનાવવામાં આવી છે અને તેનું

લાગણીશીલ હોવું જ બરાબર અને ફાયદાકારક છે. જો સ્ત્રી આટલી લાગણીશીલ ન હોત તો તે એ જવાબદારીઓનો બોજો ઉપાડી શકતી ન હોત જે તેની ઉપર નાખવામાં આવે છે. બાળકને કષ્ટ વ્હોરી ૯ મહિના સુધી પેટમાં રાખવું, પછી જીવના જોખમે તેને જન્મ આપવો, ત્યારબાદ વરસો લગી તેના ઉછેરમાં ભારે તકલીફો વેઠવી, પછી ઘરની દેખરેખનું કામકાજ તેમજ પતિની ટેવોનો ખ્યાલ રાખવા માટે મુસીબત વેઠવી, આ બધા જ કામ લાગણી સિવાય થઈ શકે નહીં. સ્ત્રી પોતાની આ લાગણીશીલતાના પરિણામે જ સમજી-વિચારીને શાંતિપૂર્વક સામાન્ય રીતે કામકાજ કરી શકતી નથી અને પતિ માટે થોડી મૂંઝવણો પેદા કરે છે. પરંતુ આ સ્ત્રીનો સ્વાભાવિક ગુણ છે જે બદલી શકાતો નથી. આ એક રીતે ઘણી મોટી ખૂબી છે અને એક રીતે મોટી નબળાઈ પણ છે. પુરુષે સ્ત્રી સાથે કોઈ પણ વ્યવહાર કરતી વખતે તેની આ નબળાઈઓનો ખ્યાલ રાખવો જોઈએ અને તેની સાથે બની શકે તેટલાં પ્રમાણમાં સદ્વર્તન કરવું જોઈએ. આમ તે એની લાગણીઓને સાચી દિશામાં વાળી શકશે. સખતાઈ દ્વારા તે એને ગુમાવી તો શકે છે પણ તેને સુધારી શકતો નથી. એક અન્ય હદીસમાં છે :

''કોઈ મો'મિન પુરુષ મો'મિન સ્ત્રીને નફરત ન કરે, તેની એક ટેવ તેને પસંદ ન હોય તો બીજી તેને સારી લાગશે.'' (મુસ્લિમ)

એટલે કે અણગમતી વાતોની જગ્યાએ પસંદ પડતી વાતો ઉપર નજર રાખવી જોઈએ. બીજી એક હદીસમાં છે કે :

''તમારામાંથી કોઈ માણસ પોતાની પત્નીને ગુલામની જેમ ન મારે પછી દિવસ પસાર થઈ જાય તો તેની સાથે સહશયન કરવા માટે તૈયાર થઈ જાય.''

(બુખારી, મુસ્લિમ)

અર્થાત્ પત્ની સાથે વ્યવહાર કરતી વખતે એટલું યાદ રાખવું જોઈએ કે તે નોકર નથી, પત્ની છે અને તેની સાથે સાચો સંબંધ પ્રેમ અને નિકટતાનો છે, લોંડી-ગુલામની જેમ તેને આડેધડ મારવા માંડે નહીં. એક હદીસ આના અનુસંધાનમાં એવી છે કે-

''તમારામાં સર્વશ્રેષ્ઠ માણસ એ છે જે પોતાના ઘરના માણસો માટે સર્વશ્રેષ્ઠ હોય અને હું તમારા સૌના કરતાં વધારે પોતાના ઘરના લોકો સાથે સદ્વર્તન કરનાર છું.'' (તિર્મિઝી, દારિમી, ઈબ્ને માજહ)

૧૫. પતિનું આજ્ઞાપાલન

(١٥) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ :
إِذَا دَعَا الرَّجُلُ امْرَأَتَهُ إِلَى فِرَاشِهِ فَأَبَتْ فَبَاتَ غَضْبَانَ لَعَنَتْهَا الْمَلَا
ئِكَةُ حَتّٰى تُصْبِحَ. (بخاری ، مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :
"કોઈ વ્યક્તિ પોતાની પત્નીને પથારી ઉપર બોલાવે અને તે (આવવાનો) ઈન્કાર કરી દે જેનાથી તે નારાજ થઈ જાય તો ફરિશ્તાઓ સવાર સુધી તે સ્ત્રી ઉપર લા'નત કરતા રહેશે." (બુખારી, મુસ્લિમ)
સમજૂતી : એક અન્ય રિવાયતમાં આ જ વાત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે આ પ્રમાણે ફરમાવી છે :
"એ હસ્તીના સોગંદ જેના હાથમાં મારા પ્રાણ છે ! કોઈ પુરુષ જો પોતાની પત્નીને પોતાની પથારી ઉપર બોલાવે અને તે ઈન્કાર કરી દે તો આકાશવાળો તે સ્ત્રીથી ત્યાં સુધી નારાજ રહે છે જ્યાં સુધી પુરુષ (પતિ) તેનાથી રાજી ન થઈ જાય."
(બુખારી, મુસ્લિમ)
એક અન્ય રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું : "કોઈ સ્ત્રીને એ હાલતમાં મોત આવી જાય કે તેનો પતિ તેનાથી રાજી અને ખુશ હોય તો તે જન્નતમાં જશે." (તિર્મિઝી, હાકિમ)
એક અન્ય રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું :
"જ્યારે કોઈ પુરુષ પોતાની પત્નીને પોતાની જરૂરત માટે બોલાવે તો તેણે (તરત જ) તેની પાસે આવવું જોઈએ, ચાહે સ્ત્રી ચૂલા ઉપર ખાવાનું જ રાંધતી હોય."
(તિર્મિઝી, નસાઈ)
આ હદીસો ઉપરથી જણાયું કે પત્નીની જવાબદારી છે કે તે પોતાના પતિને ખુશ રાખે અને દરેક જાઇઝ કામમાં તેનું કહ્યું માને, કારણ કે આ જ તેના માટે દુનિયા અને આખિરત, બંનેની સફળતાનો માર્ગ છે.

૧૬. સગાં સાથે સદ્‌વર્તન

(١٦) قَالَ رَسُوْلُ اللّٰه صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ سَلَّمَ :
لَا يَدْخُلُ الْجَنَّةَ قَاطِعٌ. (بخاری،مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :
"(કૌટુંબિક સંબંધોને) કાપનાર જન્નતમાં નહીં જાય." (બુખારી, મુસ્લિમ)
સમજૂતી : કુર્આનેમજીદમાં અલ્લાહની નિર્ભેળ બંદગી પર ભાર મૂક્યા પછી તરત જ સામાન્ય રીતે બંદાઓના હક્કો અદા કરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે અને તેની શરૂઆત માતા-પિતા અને સગાં-સંબંધીઓના હક્કોની અદાયગીથી કરવામાં આવી છે. દા.ત. : "અને અલ્લાહની બંદગી કરો, તેની સાથે કોઈને ભાગીદાર ન બનાવો અને માતા-પિતા સાથે નેક વર્તાવ કરો, અને સગાં-સંબંધીઓ સાથે, અનાથો સાથે, ગરીબો સાથે, પાડોશી સગા સાથે, અજાણ્યા પાડોશી સાથે, પડખે બેસનારા સાથીઓ સાથે, મુસાફર સાથે અને એ દાસ-દાસીઓ સાથે જે તમારા કબ્જામાં હોય, ભલાઈનું વર્તન દાખવો." *(સૂરઃ નિસા-૩૬)*
હદીસમાં સંબંધીઓના હક્કો પર ભાર મૂકવામાં આવ્યો છે અને જણાવવામાં આવ્યું છે કે જે વ્યક્તિ સંબંધીઓ સાથેના સંબંધો તોડી નાખે છે અને તેમના હક્ક અદા નથી કરતી તે જન્નતમાં નહીં જઈ શકે. સંબંધીઓના હક્કો પર ભાર મૂકતાં અને તેની સમજૂતી આપતાં હુઝૂર સ.અ.વ.એ ફરમાવ્યું:
"સગાં સાથે સદ્‌વર્તન કરનાર વ્યક્તિ એ નથી જે બદલામાં સગાં સાથે સદ્‌વર્તન કરે બલ્કે એ છે કે જ્યારે તેના સંબંધીઓ તેની સાથે સંબંધો તોડી નાખે અને તેના હક્કો ન ચૂકવે ત્યારે તે એમની સાથે સંબંધ જોડે અને એમના હક્ક અદા કરે."
(બુખારી)

૧૭. અનાથનું ભરણ-પોષણ

(١٧) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ:
اَنَا وَكَافِلُ الْيَتِيْمِ لَهُ وَلِغَيْرِهِ فِي الْجَنَّةِ هٰكَذَا وَاَشَارَ بِالسَّبَّابَةِ وَالْوُسْطٰى وَ
فَرَّجَ بَيْنَهُمَا شَيْئًا۔ (بخاری)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

''જે વ્યક્તિ પોતાના અને બીજાના અનાથનું ભરણ-પોષણ કરશે તે જન્નતમાં મારી સાથે આવી રીતે હશે. અને આપ સ.અ.વ.એ કલમાની આંગળી અને વચલી આંગળી વડે ઈશારો કર્યો અને તે બન્ને વચ્ચે થોડુંક જ અંતર રાખ્યું.'' (બુખારી)

સમજૂતી : દુનિયામાં સૌથી ખરાબ વર્તન અનાથો સાથે થાય છે. બીજા લોકો તો અનાથોને તિરસ્કારની દૃષ્ટિએ જુએ જ છે અને તેમને ધુત્કારે જ છે પરંતુ અનાથોના વાલીઓ પણ તેમની સાથે સારૂં વર્તન રાખતા નથી બલ્કે તેમની ધન-સંપત્તિ હડપ કરી જાય છે. અને અનાથાશ્રમો-યતીમખાનાઓ-માં પણ તેમની સાથે ખૂબ જ અપમાન અને કડકાઈભર્યું વર્તન રાખવામાં આવે છે અને તેમની પાસે સખત પરિશ્રમ કરાવવામાં આવે છે. તેમની પાસે ભીખ મંગાવવામાં આવે છે અને યતીમખાનાના હોદ્દેદારો પોતે પણ આ ભીખ હડપ કરી જાય છે. કુર્આનેમજીદમાં અલ્લાહતઆલાએ ફરમાવ્યું છે :

''ચોક્કસપણે એ લોકો જેઓ અનાથોનું ધન નાહક ખાય છે, તેઓ પોતાના પેટમાં માત્ર આગ ખાય છે અને ચોક્કસપણે તેઓ દોજખ (નર્ક)ની આગમાં દાખલ થશે.''

(સૂર: નિસા-૧૦)

હદીસોમાં અનાથોની દેખરેખ અને તેમની સાથે સદ્વર્તનની ફઝીલત-મહિમા-વર્ણવવામાં આવી છે.

''અનાથ પોતાનો સંબંધી હોય અથવા પારકો-જે કોઈ વ્યક્તિ તેનું ભરણ-પોષણ કરશે તે જન્નતમાં રસૂલુલ્લાહ સ.અ.વ.ની એટલી નજીક હશે જેટલી વચલી આંગળી કલમાની આંગળીની નજીક હોય છે જ્યારે તેમની વચ્ચે નજીવું અંતર હોય.''

૧૮. પાડોશી સાથે સદ્‌વર્તન

(૧૬) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ سَلَّمَ :
لَا يَدْخُلُ الْجَنَّةَ قَاطِعٌ۔ (بخاری،مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :
''અલ્લાહના સોગંદ, એ મો'મિન નથી ! અલ્લાહના સોગંદ, એ મો'મિન નથી ! અલ્લાહના સોગંદ, એ મો'મિન નથી!'' અરજ કરવામાં આવી ''કોણ, હે અલ્લાહના રસૂલ સ.અ.વ.'' ફરમાવ્યું, ''જેનો પાડોશી તેના ઉપદ્રવથી સુરક્ષિત ન હોય'' (બુખારી, મુસ્લિમ)

સમજૂતી : કુર્આનેમજીદમાં અલ્લાહની વિશુદ્ધ બંદગી ઉપર ભાર મૂકવાની સાથે અનેક સ્થળોએ બંદાઓના હક્ક ચૂકવવા ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો છે. આના ઉપરથી એ વાત સ્પષ્ટ થાય છે કે દીનના બે બુનિયાદી ઘટકો છે : અલ્લાહના હક્ક અને બંદાઓના હક્ક. આમાંથી કોઈની'પણ અગત્યતા બીજા કરતાં ઓછી નથી. વળી બંદાઓના હક્કોનું જ્યાં વર્ણન છે ત્યાં જ માતા-પિતા, સંબંધીઓ, અનાથો અને ગરીબોની સાથોસાથ પાડોશી સાથે સદ્‌વર્તનનો ઉલ્લેખ પણ અનિવાર્યપણે કરવામાં આવ્યો છે, આ હદીસમાં પણ આ જ વસ્તુ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે અને એટલે સુધી ભાર મૂકવામાં આવ્યો છે કે પાડોશીને સતાવનારને ઈમાન વગરનો ઠેરવવામાં આવ્યો છે. એક બીજી હદીસમાં છે કે,:
રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું :
''જિબ્રઈલ મને પાડોશી વિષે સતત (સદ્‌વર્તનની) તાકીદ કરતા રહ્યાં; એટલે સુધી કે મને વિચાર આવ્યો કે તેઓ તેને વારસદાર બનાવી મૂકશે.'' (બુખારી, મુસ્લિમ)
એક બીજી હદીસમાં છે કે નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું :
''જે વ્યક્તિ અલ્લાહ અને આખિરત ઉપર શ્રદ્ધા ધરાવતી હોય તેણે પાડોશી સાથે સદ્‌વર્તન કરવું જોઈએ.'' (બુખારી, મુસ્લિમ)

૧૯. વિધવા અને ગરીબની સેવા

(૧૮)قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ سَلَّمَ:
اَنَا وَ كَافِلُ الْيَتِيْمِ لَهٗ وَ لِغَيْرِهٖ فِي الْجَنَّةِ هٰكَذَا وَ اَشَارَ بِالسَّبَّابَةِ وَالْوُسْطٰى وَ فَرَّجَ بَيْنَهُمَا شَيْأً۔ (بخاری)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :
"વિધવા અને ગરીબ માટે દોડધામ કરનાર એવો જ છે જેવો અલ્લાહના રાહમાં (જિહાદ અને અલ્લાહના કલમાને બુલંદ કરવા માટે) પ્રયત્ન કરનાર. (રિવાયત કરનારે કહ્યું) મારો ખ્યાલ છે કે આપ સ.અ.વ.એ ફરમાવ્યું : તેનો દરજ્જો એવો છે જેવો એ માણસ જે (સતત) જાગરણ (રાત્રે જાગીને ઇબાદત કરવી) કરતો હોય અને જરા પણ ઢીલ ન દાખવતો હોય અને (સતત) રોઝા રાખતો હોય અને ક્યારેય રોઝા છોડતો ન હોય." (બુખારી, મુસ્લિમ)

સમજૂતી : અગાઉ અમે હદીસ નં. ૧૮ની સમજૂતીમાં જણાવી ગયા છીએ તેમ કુર્આનેમજીદમાં જ્યાં જ્યાં બંદાઓના હક્ક અદા કરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે ત્યાં ત્યાં યતીમો અને ગરીબોનો ઉલ્લેખ પણ થયો જ છે અને તેમની સાથે સદ્‌વર્તનની તાકીદ પણ કરવામાં આવી છે. એક જગ્યાએ ખાસ કરીને તેમના માટે જ ફરમાવવામાં આવ્યું છે, "અને આ (મો'મિનો)ના માલમાં હક્ક છે માગનાર (ગરીબ)નો અને (ન માગનાર) મોહતાજનો." *(સૂરઃ ઝારિયાત, આયત-૧૯)*
આના ઉપરથી જણાય છે કે વિધવા અને અપરિણીત સ્ત્રીઓ અને ગરીબ તથા નાદાર વ્યક્તિઓનું ભલું ઇચ્છનાર, તેમના મામલાઓ ઉકેલનાર, તેમની સાર-સંભાળ લેનાર અને જાતે ઘસાઈને તેમજ પૈસે-ટકે તેમની મદદ કરનાર દરજ્જાની દૃષ્ટિએ અલ્લાહના માર્ગમાં જિહાદ કરનાર જેવો છે અને આ માટેના તેના પ્રયત્નોનો બદલો રાત-દિવસની ઇબાદતો અને સતત રોઝાના બદલા સમાન છે. કદાચ આપણે પણ આ બદલો મેળવવા માટે સદ્‌ભાગી થાત !

૨૦. રહેમ (દયા)

(٢٠) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ :
لَا يَرْحَمُ اللّٰهُ مَنْ لَّا يَرْحَمُ النَّاس . بخاري ،مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

"અલ્લાહ એ વ્યક્તિ ઉપર રહેમ નથી કરતો જે માનવીઓ ઉપર રહેમ નથી કરતી."
(બુખારી, મુસ્લિમ)

સમજૂતી : આ હદીસ ઉપરથી સ્પષ્ટ થાય છે કે માનવી ઉપર રહેમ ન કરનાર દુનિયા અને આખિરતમાં અલ્લાહની રહેમતથી વંચિત રહે છે અને જે અલ્લાહની રહેમતથી વંચિત રહે છે તેને બીજે ક્યાં આશ્રય મળી શકે ? તેની દુનિયા પણ નિષ્ફળ અને આખિરત પણ બરબાદ છે. આનાથી ઊલટું, જે વ્યક્તિ માનવીઓ ઉપર રહેમ કરે છે, તેમને મદદરૂપ થાય છે, તેમની ભૂલો માફ કરે છે, તો અલ્લાહતઆલા તેની ઉપર રહેમ કરે છે, તેની મદદ કરે છે અને તેની ભૂલોને માફ કરે છે અને તેને પોતાની રહેમતોથી નવાજશે.

એક અન્ય રિવાયતમાં છે કે નબીએ કરીમ સ.અ.વ.એ ફરમાવ્યું:

"રહેમ કરનારાઓ ઉપર રહમાન રહેમ ફરમાવશે. તમે જમીનવાળાઓ ઉપર રહેમ કરો, આસ્માનવાળો તમારી ઉપર રહેમ ફરમાવશે."(અબૂદાઊદ, તિર્મિઝી)

પ્રથમ હદીસમાં જે રહેમનું વર્ણન કરવામાં આવ્યું છે તે માત્ર મુસલમાનો પૂરતું મર્યાદિત નથી બલ્કે તે સમગ્ર માનવજાત માટે છે. બધા માનવીઓ એ હક્ક ધરાવે છે કે મો'મિન તેના ઉપર રહેમ કરે, તેમની જરૂરતો પૂરી કરે અને તેમને ઉપયોગી બને. બીજી હદીસમાં રહેમના ક્ષેત્રને વધુ વિસ્તૃત કરવામાં આવ્યું છે અને ધરતી પરના તમામ સર્જનોને તેની નીચે આવરી લેવામાં આવ્યાં છે. વાસ્તવમાં તમામ સર્જન દયાપાત્ર છે.

૨૧. અલ્લાહના રાહમાં ખર્ચ કરો

(۲۱) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ سَلَّمَ :

يَا ابْنَ اٰدَمَ اَنْ تَبْذُلَ الْفَضْلَ خَيْرٌ لَّكَ وَ اَنْ تُمْسِكَهُ شَرٌّ لَّكَ وَ لَا تُلَامُ عَلٰى كَفَافٍ وَابْدَءْ بِمَنْ تَعُوْلُ ۔ (مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

"હે આદમના બેટા ! (જરૂર કરતાં) વધારાનું ધન ખર્ચી નાખ, એ જ તારા માટે બહેતર છે, તું એને તારી પાસે રોકી રાખે એ તારા માટે બૂરૂં છે. જરૂરિયાત જેટલું રાખવું નિંદાપાત્ર નથી. ખર્ચ કરવાની શરૂઆત એ લોકોથી કરો જેમના ખર્ચ માટે તમે જવાબદાર છો." (મુસ્લિમ)

સમજૂતી : આ હદીસ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જરૂરત કરતાં વધારે ધન સંઘરી રાખવું ખરાબ છે; જ્યારે અલ્લાહના બંદાઓ માટે અને દીનની જરૂરિયાતો માટે ખર્ચ કરવું બહેતર છે. વ્યક્તિના ધન ઉપર પોતાની જાત પછી તેના એ સંબંધીઓનો હક્ક છે જેમના ખર્ચની જવાબદારી તેના શિરે છે, તે પછી બીજાઓનો હક્ક છે.

એક અન્ય હદીસમાં અલ્લાહના રસૂલ સ.અ.વ. ફરમાવે છે :

"અલ્લાહ ફરમાવે છે-હે આદમના પુત્ર ! ખર્ચ કર, હું તારી ઉપર ખર્ચ કરીશ."
(બુખારી, મુસ્લિમ)

એક બીજી રિવાયત છે કે અબૂઝર રદિ.એ ફરમાવ્યું :

"હું રસૂલુલ્લાહ સ.અ.વ. પાસે પહોંચ્યો તે વખતે આપ સ.અ.વ. કા'બાના છાંયડામાં બેઠા હતાં. મને જોઈને આપ સ.અ.વ.એ ફરમાવ્યું, "કા'બાના રબના સોગંદ ! તે લોકો અત્યંત ખોટમાં છે." મેં અરજ કરી, "મારા મા-બાપ આપ સ.અ.વ.ની ઉપર કુર્બાન ! એ લોકો કોણ છે ?" ફરમાવ્યું:"વધુ ધનવાળા, એ લોકો સિવાય જે આગળ-પાછળ, જમણે-ડાબે ધન ખર્ચ કરે, અને એવા લોકો જૂજ છે." (બુખારી, મુસ્લિમ)

૨૨. લોભ અને અત્યાચાર

(૲۲) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ :
اِتَّقُوا الظُّلْمَ فَاِنَّ الظُّلْمَ ظُلُمَاتٌ يَّوْمَ الْقِيَامَةِ وَاتَّقُوا الشُّحَّ فَاِنَّ الشُّحَّ
اَهْلَكَ مَنْ كَانَ قَبْلَكُمْ حَمَلَهُمْ عَلٰى اَنْ سَفَكُوْا دِمَائَهُمْ وَاسْتَحَلُّوْا
مَحَارِمَهُمْ. (مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

''જુલ્મથી બચો કેમકે કયામતના દિવસે જુલ્મ અંધકાર સ્વરૂપે પ્રગટશે અને લોભથી બચો કારણ કે લોભે તમારી પહેલાંના લોકોને બરબાદ કરી દીધા. લાલચથી પ્રેરાઈને તેમણે માનવોનું લોહી રેડ્યું અને તેમની જે વસ્તુઓ અલ્લાહે હરામ ઠેરવી હતી તેમને હલાલ કરી લીધી.'' (મુસ્લિમ)

સમજૂતી : આ હદીસમાં પહેલાં જુલ્મથી દૂર રહેવાની શિખામણ આપવામાં આવી છે કારણ કે જુલ્મ આખિરતમાં અસંખ્ય અંધકારોનું સ્વરૂપ અપનાવી લેશે અને જુલ્મી માણસ અંધકારમાં ભટકતો જહન્નમમાં જઈ પડશે. ત્યારબાદ લોભથી દૂર રહેવાની શિખામણ આપવામાં આવી છે. કારણ કે દુનિયાની લાલસા અને ધન-સંપત્તિની લાલચ અસંખ્ય અપરાધોનું મૂળ છે. આ જ એ વસ્તુ છે જે મનુષ્યને આખિરતથી ગાફેલ બનાવે છે અને દીનના માર્ગમાં કુર્બાની આપતાં અટકાવે છે. આ જ લાલચ વ્યક્તિને લોકોના હક્ક ઉપર તરાપ મારવા માટે પ્રેરે છે અને મનુષ્ય ઉપર જુલ્મ કરવા તથા તેમની માલ-મિલ્કત અને ઈજ્જત-આબરૂ ઉપર હાથ નાખવા અને રક્તપાતનું કારણ બને છે. એક બીજી હદીસમાં છે :

''જેણે પોતાના ભાઈ ઉપર જુલ્મ ગુજાર્યો હોય તેણે આજે જ તેને હલાલ કરાવી લેવું જોઈએ (હક્ક ચૂકવી દે અથવા માફ કરાવી લે) એ પહેલાં કે તે દિવસ આવે કે જ્યારે ન દીનાર હશે, ન દિરહમ. જો (તેની પાસે) સદ્‌કાર્યો હશે તો તેના જુલ્મના પ્રમાણમાં લઈ લેવામાં આવશે અને નેકીઓ નહીં હોય તો મઝલૂમના ગુના તેના ઉપર નાખી દેવામાં આવશે (અને ત્યારબાદ તેને દોજખમાં નાખી દેવામાં આવશે).'' (બુખારી)

૨૩. ઘમંડ

(٢٣) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ:
لَا يَدْخُلُ الْجَنَّةَ مَنْ كَانَ فِيْ قَلْبِهٖ مِثْقَالُ ذَرَّةٍ مِّنْ كِبْرٍ فَقَالَ رَجُلٌ اِنَّ
الرَّجُلَ يُحِبُّ اَنْ يَّكُوْنَ ثَوْبُهٗ حَسَنًا وَّنَعْلُهٗ حَسَنًا قَالَ اِنَّ اللّٰهَ تَعَالٰى
جَمِيْلٌ يُّحِبُّ الْجَمَالَ اَلْكِبْرُ بَطَرُ الْحَقِّ وَ غَمْطُ النَّاسِ ۔ (مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :
''જે વ્યક્તિના હૃદયમાં રજમાત્ર પણ ઘમંડ હશે તે જન્નતમાં દાખલ નહીં થાય.'' આ ઉપરથી એક વ્યક્તિએ કહ્યું કે, મનુષ્ય ઈચ્છે કે તેના કપડાં-લિબાસ-સારાં હોય અને પગરખાં (પણ) સારા હોય. આપ સ.અ.વ.એ ફરમાવ્યું કે, ''અલ્લાહ સૌંદર્યનો સ્વામી છે અને તે સુંદરતાને પસંદ કરે છે. ઘમંડ નામ છે સત્યના મુકાબલે બંડ અને લોકોને તુચ્છ સમજવાનું.'' (મુસ્લિમ)

સમજૂતી : મનુષ્ય અલ્લાહને માલિક તથા શાસક અને મા'બૂદ (ઉપાસ્ય) સમજીને અને પોતાની જાતને સંપૂર્ણપણે મોહતાજ સમજીને સંપૂર્ણપણે તેની આગળ ઝૂકી જાય અને તેને અસલ ને'મત આપનાર સમજીને તેની ને'મતો બદલ આભાર વ્યક્ત કરવામાં પરોવાયતો તેના પરિણામરૂપે તેને જન્નત મળે છે. આવી વ્યક્તિ ઘમંડી અને વિદ્રોહી હોઈ ન શકે. જે વ્યક્તિ સત્યના મુકાબલે વિદ્રોહ અખત્યાર કરે છે તે બંદગીના ગુણથી કોરી છે અને જન્નત તેના માટે હરામ છે. આવી જ રીતે જે વ્યક્તિ પોતાની તાકાત, સૌંદર્ય, માલ, જ્ઞાન અને સત્તાના કારણે ઘમંડ કરવા લાગે છે અને બીજી વ્યક્તિઓને તુચ્છ સમજે છે, તે એમ વિચારે છે કે આ વસ્તુઓ તેની પોતાની છે. જો તે એમ સમજતી હોત કે આ વસ્તુઓ અલ્લાહની આપેલી છે અને તે ગમે ત્યારે તે વસ્તુઓને છીનવી લઈ શકે છે તો તે ઘમંડ કરવાને બદલે આભારવશ બની અલ્લાહ સમક્ષ ઝૂકી પડત અને પોતાના ખરાબ અંજામથી ડરતી રહેત.

૨૪. મોટાઈનું માપદંડ

(۲۴) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ :

خِيَارُكُمْ فِى الْجَاهِلِيَّةِ خِيَارُكُمْ فِى الْاِسْلَامِ اِذَا فَقِهُوْا. (بخارى ، مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

"તમારામાંથી જે લોકો અજ્ઞાનકાળમાં શ્રેષ્ઠ હતા તેઓ ઈસ્લામમાં પણ શ્રેષ્ઠ છે, જો દીનની ઊંડી સમજ પ્રાપ્ત કરી લે." (બુખારી, મુસ્લિમ)

સમજૂતી : આ એક લાંબી હદીસનો ટુકડો છે. સંપૂર્ણ હદીસ આ પ્રમાણે છે :

*રસૂલુલ્લાહ સ.અ.વ.ને પૂછવામાં આવ્યું કે, "સૌથી વધુ ખાનદાન કોણ છે?" ફરમાવ્યું કે, "અલ્લાહની દૃષ્ટિએ સૌથી વધુ ખાનદાન અને પ્રતિષ્ઠિત એ છે જે ખુદાથી ડરતો હોય." લોકોએ કહ્યું, "અમે આ નથી પૂછતાં." ફરમાવ્યું કે સૌથી વધુ પ્રતિષ્ઠિત અલ્લાહના નબી યૂસુફ અ.સ. છે જે અલ્લાહના નબી (યાકૂબ અ.સ.)ના પુત્ર છે, જે અલ્લાહના નબી (ઈસ્હાક અ.સ.)ના પુત્ર છે, જે અલ્લાહના મિત્ર (ઈબ્રાહીમ ખલીલુલ્લાહ અ.સ.)ના પુત્ર છે. કહ્યું, "અમે આપ સ.અ.વ.ને આ પણ નથી પૂછતાં." ફરમાવ્યું, "શું અરબની ખાણો (કબીલાઓ) વિષે મને પૂછી રહ્યાં છો?" કહ્યું, "હા." ફરમાવ્યું, "તમારામાંથી જે લોકો અજ્ઞાનકાળમાં શ્રેષ્ઠ હતાં તેઓ ઈસ્લામમાં પણ શ્રેષ્ઠ છે જ્યારે તેઓ દીનની સમજ પ્રાપ્ત કરી લે."
(બુખારી, મુસ્લિમ)*

આના ઉપરથી જાણવા મળ્યું કે ઇસ્લામમાં વંશ, વર્ણ અને પૈસાના આધારે કોઈ ઊંચો કે નીચો નથી. બધા આદમ અ.સ. અને હવ્વા અ.સ.ના સંતાન અને અલ્લાહના બંદા છે તેથી સૌ સમાન છે. હા, જે જેટલો વધુ ખુદાને ઓળખે છે અને તેનાથી ડરે છે તેટલો જ તે વધુ ઉચ્ચ સ્થાન ધરાવે છે. કુર્આનેમજીદમાં આ પ્રમાણે છે:

"હે લોકો! અમે તમને સૌને એક પુરુષ અને એક સ્ત્રીમાંથી પેદા કર્યા અને તમને કુટુંબો અને કબીલાઓનો સ્વરૂપ આપ્યો જેથી તમે એકબીજાને ઓળખી શકો. અલ્લાહની નજીક તમારામાં સૌથી વધુ પ્રતિષ્ઠાવાળો એ છે જે ખુદાનો વધુ ડર રાખે છે." (સૂરઃ હુજુરાત-૧૩)

એક અન્ય રિવાયતમાં રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું, ''લોકો પોતાના મૃત બાપ-દાદા પર અભિમાન કરવાનું છોડી દે, તે તો દોજખનો કોલસો છે, નહિંતર તેઓ અલ્લાહની નજરમાં એ જીવડાથી પણ વધુ તુચ્છ ગણાશે જે મળને પોતાની નાકથી ધકેલે છે. અલ્લાહે તમારામાંથી અજ્ઞાનકાળનો ઘમંડ અને બાપ-દાદા ઉપર અભિમાન કરવાનું (દુર્ગુણ) દૂર કરી દીધું. હવે કોઈ વ્યક્તિ કાં તો ખુદાથી ડરનાર મો'મિન છે અથવા અભાગી નાફરમાન. બધા મનુષ્ય આદમના સંતાન છે અને આદમ માટીમાંથી બન્યા હતા.'' *(અબૂદાઊદ, તિર્મિઝી)*

૨૫. ક્રોધ

(۲۵) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ:

لَيْسَ الشَّدِيْدُ بِالصُّرَعَةِ إِنَّمَا الشَّدِيْدُ الَّذِیْ يَمْلِكُ نَفْسَهٗ عِنْدَ الْغَضَبِ۔

(بخاری،مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

''બીજાને પછાડનાર શક્તિશાળી નથી, શક્તિશાળી તે છે જે ગુસ્સાના સમયે પોતાની જાત પર કાબૂ રાખે.'' (બુખારી, મુસ્લિમ)

સમજૂતી : ગુસ્સો અનેક બૂરાઈઓનું મૂળ છે. ગુસ્સામાં મનુષ્ય ભાન ગુમાવી દે છે. તેને એ વાતનો ખ્યાલ નથી રહેતો કે તે શું બોલી રહ્યો છે અને જે કંઈ કરી રહ્યો છે તેનું શું પરિણામ આવશે. તલાક, આપઘાત, ખૂન તેમજ કુટુંબ-કબીલાઓ તથા પ્રદેશોની બરબાદીનું મુખ્ય કારણ મોટા ભાગે ગુસ્સો હોય છે. કેટલીક વખત માણસ ગુસ્સામાં પોતાની દુનિયા અને આખિરત બંને બરબાદ કરી નાખે છે.

એક વ્યક્તિએ હુઝૂર સ.અ.વ.ને અરજ કરી કે, ''મને શિખામણ આપો.'' આપ સ.અ.વ.એ ફરમાવ્યું, ''ગુસ્સો ન કરો.'' તે વ્યક્તિએ અનેકવાર શિખામણ આપવાની વિનંતી દોહરાવી અને આપ સ.અ.વ.એ દરેક વખતે આ જ વાત દોહરાવી:''ગુસ્સો ન કરો.'' (બુખારી)

હદીસમાં ગુસ્સો દૂર કરવાની મનોવૈજ્ઞાનિક પદ્ધતિઓ પણ બતાવવામાં આવી છે :

''શેતાનને કારણે ગુસ્સો આવે છે. શેતાન આગમાંથી જન્મ્યો છે અને આગ પાણીથી

ઓલવી શકાય છે તેથી જ્યારે કોઈને ગુસ્સો આવે તો વુઝૂ કરી લે." (અબૂ દાઊદ)
એક અન્ય રિવાયતમાં છે કે, રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું:
"જ્યારે કોઈને ગુસ્સો આવે અને જો તે ઊભો હોય તો બેસી જાય, જો ગુસ્સો દૂર થઈ જાય તો ઠીક, નહિંતર સૂઈ જાય." (તિર્મિઝી, અહમદ)
એક અન્ય રિવાયતમાં ગુસ્સો પી જવાની ફઝીલત આ પ્રમાણે વર્ણવવામાં આવી છે:
"અલ્લાહની દૃષ્ટિએ સૌથી ઉત્તમ ઘૂંટ તે ગુસ્સો છે જે કોઈ બંદો અલ્લાહની ખુશી માટે પી જાય." (અહમદ)

૨૬. લાજ શરમ

(۲۶) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ سَلَّمَ :
اَلْحَيَاءُ خَيْرٌ كُلُّهُ. (بخاری ،مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :
"લજ્જા સંપૂર્ણપણે ભલાઈ છે." (બુખારી, મુસ્લિમ)
સમજૂતી : લજ્જા એ છે કે મનુષ્યને નિર્લજ્જતા અને બૂરાઈઓ પ્રત્યે સૂગ હોય. આવી વસ્તુના સમસ્તપણે ભલાઈ હોવામાં કોને શંકા હોઈ શકે ? વ્યક્તિ જેટલી વધારે લજ્જાશીલ હશે તેટલા જ પ્રમાણમાં તે બદીઓથી દૂર હશે અને જેટલી નિર્લજ્જ હશે તેટલા જ પ્રમાણમાં તે બદીના આચરણમાં નિઃસંકોચ હશે. આધુનિક યુગની સૌથી મોટી ખરાબી વધતી જતી નિર્લજ્જતા છે.
એક રિવાયતમાં છે કે અલ્લાહના રસૂલ સ.અ.વ.એ ફરમાવ્યું, "લોકોએ અગાઉના નબીઓના જે કથન મેળવ્યા છે તેમાંથી એક આ છે કે જ્યારે તમે નિર્લજ્જ બની ગયા તો ચાહે તે કરી શકો છો." (બુખારી)

૨૭. નમ્રતા

(۲۷) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ سَلَّمَ :
مَنْ يُّحْرَمِ الرِّفْقَ يُحْرَمِ الْخَيْرَ. (بخاری)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :
"જે નમ્રતાથી વંચિત થયો તે ખૈર (ભલાઈ)થી વંચિત થઈ ગયો." (બુખારી)
સમજૂતી : એક અન્ય રિવાયતમાં છે કે અલ્લાહના રસૂલ સ.અ.વ.એ ફરમાવ્યું :
"અલ્લાહ નરમાશવાળો છે, નમ્રતાને પસંદ કરે છે અને નમ્રતા માટે એટલું બધું આપે છે જેટલું સખતાઈ માટે અને બીજા કોઈ વર્તન માટે નથી આપતો." (મુસ્લિમ)
આના ઉપરથી જણાયું કે બની શકે ત્યાં સુધી નમ્રતા જ અપનાવવી જોઈએ સિવાય કે સખતાઈ અપનાવવી તદ્દન અનિવાર્ય બની જાય.

૨૮. જીભ અને ગુપ્ત અંગોની રક્ષા

(٢٨)قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ :
مَنْ يَّضْمَنْ لِيْ مَا بَيْنَ لَحْيَيْهِ وَمَا بَيْنَ رِجْلَيْهِ اَضْمَنْ لَهُ الْجَنَّةَ .
(بخاری،مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :
"જે વ્યક્તિ બંને જડબાં વચ્ચેની વસ્તુ (જીભ) અને બંને પગ વચ્ચેની વસ્તુ (ગુપ્તાંગ)ની રક્ષાની ખાતરી આપે હું તેને જન્નતની બાંયધરી આપું છું."
(બુખારી, મુસ્લિમ)
સમજૂતી : અર્થાત્ જે વ્યક્તિ અલ્લાહની પ્રસન્નતા મેળવવા માટે જીભ અને ગુપ્તાંગ ઉપર અંકુશ રાખે અને તેમના વડે કોઈ ખોટું કામ ન થવા દે તે ચોક્કસપણે જન્નતમાં જશે. જીભ વિષે રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું : "બંદો ઘણી વખત અલ્લાહની પ્રસન્નતાની કોઈ વાત કરે છે, જેને તે મહત્ત્વ પણ નથી આપતો, પણ અલ્લાહ તેના કારણે તેના દરજ્જા વધારી દે છે, અને ઘણીવાર બંદો અલ્લાહને નાખુશ કરનારી વાત કરી નાખે છે, અને તેને કોઈ મહત્ત્વ આપતો નથી, જો કે તેના કારણે તે દોજખના ખૂબ ઊંડા ખાડામાં જઈ પડે છે." (બુખારી)
ઝિના એટલે કે વ્યભિચારની સમજૂતી આપતાં રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું, "આંખનો ઝિના (નામહરમને બૂરા ઇરાદાથી) જોવું છે, કાનોનો ઝિના સાંભળવું છે, જીભનો ઝિના વાત કરવી છે. હાથનો ઝિના હાથ નાખવો છે, પગનો ઝિના

આગળ વધારવો છે. અને વાસનાના વિચારો હૃદયમાં જન્મે છે અને હૃદય (બૂરી) કામના કરે છે અને ગુપ્તેન્દ્રિય કાં તો તેમને સાચા ઠેરવે છે અથવા તેમને ખોટા ઠેરવે છે." (બુખારી, મુસ્લિમ)
બીજા શબ્દોમાં જો ઝિના જેવા દુષ્કૃત્યોથી બચવું હોય તો ઉપરોક્ત તમામ વાતોથી દૂર રહેવું જરૂરી છે.

૨૯. ગાળ આપવી

(۲۹) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ:

سِبَابُ الْمُسْلِمِ فُسُوْقٌ وَّقِتَالُهٗ كُفْرٌ۔ (بخاری،مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

"મુસલમાનને અપશબ્દો કહેવા અલ્લાહની નાફરમાનીનું કૃત્ય છે અને તેની સાથે યુદ્ધ કરવું કુફ્રનું (કૃત્ય)." (બુખારી, મુસ્લિમ)

સમજૂતી : અર્થાત્ મુસલમાન સાથે યુદ્ધ કાફિર કરે છે, મુસલમાન નહીં. મુસલમાન માટે મુસલમાન સાથે યુદ્ધ કરવું તો દૂરની વાત છે તેને અપશબ્દો કહેવા પણ ગુનાહિત કૃત્ય છે. પરંતુ અફસોસ ! આજે મુસલમાનો પરસ્પર અપશબ્દો કહે છે, એટલું જ નહીં એકબીજાને કાફિર પણ કહે છે અને એકબીજાની સાથે ઝઘડે પણ છે, આ વૃત્તિ સામાન્ય બની ચૂકી છે અને લોકો તેમ કરતાં ખચકાટ પણ અનુભવતા નથી. બીજી એક હદીસમાં છે :

"લજ્જા અને મૌન ઈમાનના અંગો છે અને બિભત્સ શબ્દો તથા વાકપટુતા દંભના." (તિર્મિઝી, અહમદ, હાકિમ)

ઉપરોક્ત રિવાયતમાં મુસ્લિમ અને બિનમુસ્લિમ વચ્ચે કોઈ અપવાદ રાખવામાં નથી આવ્યો. ગાળો ભાંડવી તથા બિભત્સ શબ્દોનો ઉપયોગ કરવો દરેક સંજોગોમાં નિંદનીય છે, ભલે આવું કોઈ બિનમુસ્લિમ સાથે કરાતું હોય. બીજી એક હદીસમાં અલ્લાહના રસૂલ સ.અ.વ.એ ફરમાવ્યું :

"એ વાત મોટા ગુનાનું કૃત્ય છે કે માણસ પોતાના માતા-પિતાને ગાળ આપે." સહાબા રદિ.એ સવિનય પૂછ્યું, "શું કોઈ પોતાના માતા-પિતાને પણ ગાળ આપી શકે છે ?"

આપ સ.અ.વ.એ ફરમાવ્યું, ''હા, જ્યારે તે બીજી વ્યક્તિના પિતાને ગાળ આપે છે તો તે પોતાના જ બાપને ગાળ આપે છે, અને જ્યારે તે કોઈની માને ગાળ આપે છે ત્યારે તે પોતાની માને જ ગાળ આપે છે.'' *(બુખારી, મુસ્લિમ)*

અફસોસ ! હવે મુસલમાનો પોતાના માતા-પિતાને ગાળ અપાવે છે એટલું જ નહીં બલ્કે પોતે પણ આપે છે !

બીજી એક રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

''મૃત્યુ પામેલાઓને અપશબ્દો ન કહો, તેઓ પોતાની કરણી પામી ચૂક્યા.''

(બુખારી)

૩૦. બદગોઈ, તહોમત મૂકવી અને ચાડી ખાવવી

(٣٠) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ :

اَتَدْرُوْنَ مَا الْغِيْبَةُ قَالُوْا اللّٰهُ وَرَسُوْلُهٗ اَعْلَمُ قَالَ ذِكْرُكَ اَخَاكَ بِمَا يَكْرَهُ

قِيْلَ اَفَرَأَيْتَ اِنْ كَانَ فِىْ اَخِىْ مَا اَقُوْلُ ؟ قَالَ اِنْ كَانَ فِيْهِ مَا تَقُوْلُ

فَقَدِ اغْتَبْتَهٗ وَاِنْ لَّمْ يَكُنْ فِيْهِ مَا تَقُوْلُ فَقَدْ بَهَتَّهٗ۔ (مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

''જાણો છો કે બદગોઈ શું છે ?'' સહાબા રદિ.એ અરજ કરી, ''અલ્લાહ અને તેના રસૂલ સ.અ.વ. વધુ જાણે છે.'' ફરમાવ્યું, ''તમારા પોતાના ભાઈનો એ રીતે ઉલ્લેખ કરવો જે તેને પસંદ ન હોય.'' પૂછવામાં આવ્યું, ''એ અંગે આપ શું કહો છો જો મારા ભાઈમાં એ વાત હોય જે હું કહી રહ્યો છું ?'' ફરમાવ્યું, ''તમે જે વાત કહી રહ્યા છો જો એ તેની અંદર હોય તો તમે બદગોઈ કરી અને જો નથી તો તમે તહોમત મૂકી.'' (મુસ્લિમ)

સમજૂતી : કુર્આનેમજીદમાં ફરમાવ્યું છે, ''...તમારા પૈકી કોઈ વ્યક્તિ બીજી વ્યક્તિની બદગોઈ ન કરે. શું તમારા પૈકી કોઈ એ પસંદ કરશે કે તે પોતાના મૃત ભાઈનું માંસ ખાય ? તમને આ વાતથી (ખૂબ) સૂગ આવશે.''

(સૂરઃ હુજુરાત-૧૨)

આ હદીસમાં આ જ ધૃણાસ્પદ કૃત્યની સમજૂતી આપવામાં આવી છે. જો કોઈ મુસલમાનની પીઠ પાછળ તેના કોઈ એવા દોષ-ખામીનો ઉલ્લેખ કરવામાં આવે જે તે સાચે જ ધરાવે છે તો આ બદગોઈની વ્યાખ્યામાં આવશે અને જો તે એ ખામી ધરાવતો નથી તો તે તહોમત લેખાશે જે બદગોઈ કરતાં પણ મોટો ગુનો છે. મોટા ભાગે બદગોઈ ચાડીમાં ફેરવાઈ જાય છે અને આ ત્રણેય વસ્તુઓ - બદગોઈ, તહોમત મૂકવી અને ચાડી, મનુષ્ય માટે વિનાશક તથા સમાજને તોડી નાખનારી છે. આથી જ રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું છે :

"ચાડી ખાનાર સ્વર્ગમાં નહીં જાય." (બુખારી, મુસ્લિમ)

૩૧. ધૈર્ય અને આભાર

(٣١) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ سَلَّمَ:

عَجَباً لِّاَمْرِ الْمُؤْمِنِ اِنَّ اَمْرَهٗ كُلَّهٗ لَهٗ خَيْرٌ وَّلَيْسَ ذٰلِكَ لِاَحَدٍ اِلَّا لِلْمُؤْمِنِ اِنْ اَصَابَتْهُ سَرَّاءُ شَكَرَ فَكَانَ خَيْراً لَّهٗ وَ اِنْ اَصَابَتْهُ ضَرَّاءُ صَبَرَ فَكَانَ خَيْراً لَّهٗ. (بخاری ،مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

"મો'મિનની વાત ઘણી નિરાળી છે. તેની તમામ બાબતો તેના માટે કલ્યાણકારી છે અને મો'મિન સિવાય કોઈને પણ આ વાત પ્રાપ્ત નથી. તેને કોઈ ને'મત પ્રાપ્ત થાય છે તો તે અલ્લાહ સમક્ષ આભાર વ્યક્ત કરે છે. આ વાત તેના માટે કલ્યાણરૂપ હોય છે. જો તેને કોઈ મુસીબત પહોંચે છે તો તે સબ્ર કરે છે અને તે તેના માટે કલ્યાણરૂપ હોય છે." (બુખારી, મુસ્લિમ)

સમજૂતી : આભાર એ છે કે માનવી વાસ્તવિક ને'મત આપનાર (અલ્લાહ)ને ઓળખે, દરેક ને'મત માટે હૃદયપૂર્વક તેનો આભારી થાય, મુખથી પણ આભાર વ્યક્ત કરે. તેણે એનાયત કરેલી ને'મતો-અને બધું જ તેણે આપેલું છે, અને બેહદ અને પુષ્કળ પ્રમાણમાં આપેલું છે-તેની પ્રશંસા માટે ઉપયોગ કરે અને તેના દીનનો હક્ક અદા કરે જે તેની સૌથી મોટી ને'મત છે. આનું નામ આભાર (શુક્ર) છે, અને તે સર્વાંગ કલ્યાણકારી, અલ્લાહ આખિરતની ભલાઈ આપનાર છે તેના માટે કોણ

શંકા કરી શકે ?

સબ્ર એ છે કે કોઈ પણ ને'મત, અને મોટામાં મોટી ને'મત, ઝૂંટવાઈ જાય તો, વિશેષ કરીને જ્યારે તે અલ્લાહના રાહમાં જાય, ત્યારે તેના માટે ન તો રડે કે ન જ કકળાટ કરે, નાહિમ્મત અને દુઃખી ન થાય. અલ્લાહની મરજી ઉપર રાજી રહે અને વિશ્વાસ રાખે કે ને'મત અલ્લાહની હતી અને તેણે લઈ લીધી. અને તેનો આના કરતાં વધુ સારો ઉપયોગ બીજો કયો હોઈ શકે ? તે એ પણ વિશ્વાસ રાખે કે અલ્લાહતઆલાનું કોઈ પણ કાર્ય હિકમત વગરનું નથી અને જો આપણે સબ્ર કરીશું તો તે આપણાથી ખુશ થશે. અને આખિરતમાં તેનો શ્રેષ્ઠ બદલો આપશે. તેથી માણસે દરેક સંજોગોમાં અલ્લાહ અને તેના દીન સાથે જોડાયેલા રહેવું જોઈએ. કુર્આનેમજીદમાં સ્પષ્ટતા છે કે આ સબ્ર દુનિયામાં અલ્લાહની મદદ મેળવવામાં તેમજ અલ્લાહની પ્રસન્નતા માટે કારણભૂત બને છે.

૩૨. ઈસ્તિકામત (મક્કમતા)

(۳۲) عَنْ سُفْيَانَ بْنِ عَبْدِاللّٰهِ الثَّقَفِيِّ قَالَ قُلْتُ يَا رَسُوْلَ اللّٰهِ قُلْ لِّيْ فِي الْاِسْلَامِ قَوْلًا لَّا اَسْئَلُ عَنْهُ اَحَداً بَعْدَكَ قَالَ قُلْ اٰمَنْتُ بِاللّٰهِ ثُمَّ اسْتَقِمْ۔

(مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

''સુફ્યાન બિન અબ્દુલ્લાહ સકફી રદિ.એ કહ્યું, મેં અરજ કરી, ''હે અલ્લાહના રસૂલ સ.અ.વ. ! મને ઈસ્લામ વિષે કોઈ એવી વાત બતાવી દો કે આપ સ.અ.વ.ના પછી ક્યારેય મને કોઈને પણ તેના વિષે પૂછવું ન પડે.'' ફરમાવ્યું, ''કહો, હું અલ્લાહ ઉપર ઈમાન લાવ્યો, પછી એની ઉપર મક્કમ રહો.'' (મુસ્લિમ)

સમજૂતી : હઝરત સુફ્યાન રદિયલ્લાહુ અન્હુએ રસૂલુલ્લાહ સ.અ.વ.ને પૂછ્યું કે ઈસ્લામનો સાર શું છે કે જેથી તેમને ઈસ્લામની હકીકત અંગે બીજા કોઈને પૂછવું ન પડે. રસૂલુલ્લાહ સ.અ.વ.એ તેમના જવાબમાં ફરમાવ્યું, "અલ્લાહ ઉપર ઈમાન લાવો, પછી તેની ઉપર મક્કમ રહો." અર્થાત્ અલ્લાહની બંદગી અને ગુલામીનો માર્ગ અપનાવીને જીવનના અંતિમ શ્વાસ સુધી તેના તકાદા પૂરા કરતા રહો.

વાસ્તવમાં સાચો માર્ગ ફક્ત એક જ છે. મનુષ્ય સત્યને અપનાવીને તમામ તકલીફો અને અજમાયશો છતાં મૃત્યુપર્યંત તેની ઉપર કાયમ રહે. જો તે સત્યમાર્ગ ન પામ્યો તો પણ નિષ્ફળ, અને પામ્યા પછી અપનાવ્યો નહીં તો પણ, તેમજ અપનાવ્યા પછી છોડી દીધો તો પણ નિષ્ફળ. કુર્આન અને હદીસ દુનિયા અને આખિરતની તમામ સફળતાઓને સબ્ર અને 'ઇસ્તિકામત' (મક્કમતા) ઉપર નિર્ભર ગણાવે છે.
સબ્રનો અર્થ એ છે કે મો'મિન તકલીફો અને દુઃખોનો સંપૂર્ણપણે મર્દાનગીપૂર્વક મુકાબલો કરે અને સત્યમાર્ગથી ચલિત ન થાય, ભલે તેને પ્રાણની કુર્બાની આપવી પડે, અથવા તેની સંતાન અને કુટુંબ નાશ પામે. અને મક્કમતા એ છે કે સત્ય અપનાવ્યા પછી જીવનના અંતિમ ક્ષણ સુધી વ્યક્તિ અડગ રહી તેને વળગી રહે અને સત્યના તકાદાઓ પૂરા કરવા માટે પોતાને, પોતાની તમામ આવડતોને અને શક્તિઓને એની પાછળ ખર્ચી નાખે, હકીકતમાં દ્રઢતા અને મક્કમતા વિના દુનિયામાં કે આખિરતમાં ક્યાંય સફળતા નથી.

૩૩. હલાલ, હરામ અને શંકાસ્પદ

(٣٣) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ سَلَّمَ :

يَأْتِيْ عَلَى النَّاسِ زَمَانٌ لَا يُبَالِي الْمَرْءُ مَا اَخَذَ مِنْهُ اَمِنَ الْحَلَالِ اَمْ مِّنَ الْحَرَامِ ـ (بخاری)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :
''લોકો ઉપર એક એવો જમાનો આવશે જ્યારે વ્યક્તિ એ વાતની દરકાર નહીં કરે કે તેણે જે વસ્તુ લીધી તે ક્યાંથી લીધી (છે), હલાલ માર્ગે કે હરામ માર્ગે.'' (બુખારી)
સમજૂતી : અર્થાત્ લોકો અલ્લાહની બીક અને હલાલ-હરામ વચ્ચેનો ભેદ ભુલાવી બેસશે.
એક બીજી હદીસમાં છે:
''હલાલ સ્પષ્ટ છે, હરામ સ્પષ્ટ છે, આ બન્ને વચ્ચે શંકાસ્પદ બાબતો છે જેને ઘણાં લોકો નથી જાણતા (કે તે હલાલ છે કે હરામ), તો જે વ્યક્તિ શંકાસ્પદ બાબતોથી દૂર રહેશે તે પોતાનો દીન અને પોતાની ઇજ્જત-આબરૂ બચાવી લેશે, અને જે શંકાસ્પદ બાબતોમાં પડશે તે હરામમાં સંડોવાઈ જશે. જેવી રીતે ભરવાડ પ્રતિબંધિત

ગોચરની આસપાસ ઢોર ચારતો હોય અથવા તેના ઢોર પ્રતિબંધિત ગોચરમાં ચરવા લાગે. સાંભળો ! દરેક બાદશાહની એક વિશિષ્ટ અને પ્રતિબંધિત ગોચર હોય છે. સાંભળો ! અલ્લાહની પ્રતિબંધિત ગોચર (સીમા) તેણે હરામ ઠેરવેલી બાબતો છે. સાંભળો ! શરીરમાં એક માંસનો લોચો છે. જ્યારે તે સુધરી જાય છે તો સમગ્ર શરીર સુધરી જાય છે અને જ્યારે તે બગડી જાય છે ત્યારે સમગ્ર શરીર બગડી જાય છે. સાંભળો ! તે, માંસનો લોચો હૃદય છે." (બુખારી, મુસ્લિમ)

આ ખૂબ અગત્યની હદીસ છે. આનાથી એક વાત એ સ્પષ્ટ થાય છે કે જો મો'મિનને પોતાનો દીન પ્રિય હોય તો તેના માટે એ જરૂરી છે કે તે હરામ વસ્તુઓથી બચે, બલ્કે શંકાસ્પદ વસ્તુઓથી પણ બચે. બીજું એ કે દીનદારીનો સંપૂર્ણ આધાર હૃદયની સુધારણા ઉપર છે. જો વ્યક્તિના હૃદયમાં ખુદાની બીક, તેની મહોબ્બત અને સદાચારની ભાવના હોય તો જ તે વ્યક્તિ પણ સદાચારી હશે, તે વિના નહીં.

૩૪. દીનની દા'વત

(٣٤) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ سَلَّمَ :

مَنْ دَعَا اِلٰى هُدىً كَانَ لَهٗ مِنَ الْاَجْرِ مِثْلُ اُجُوْرِ مَنْ تَبِعَهٗ لَا يَنْقُصُ ذٰلِكَ مِنْ اُجُوْرِهِمْ شَيْئاً وَمَنْ دَعَا اِلٰى ضَلَالَةٍ كَانَ عَلَيْهِ مِنَ الْاِثْمِ مِثْلُ اٰثَامِ مَنْ تَبِعَهٗ لَا يَنْقُصُ ذٰلِكَ مِنْ اٰثَامِهِمْ شَيْئاً ۔ (مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

"જે વ્યક્તિ સીધા માર્ગ તરફ આમંત્રણ આપશે તેને એ સૌ લોકોના બદલા જેટલો બદલો મળશે જે તેના આમંત્રણનો સ્વીકાર કરશે, અને તેનાથી એ લોકોના બદલામાં કોઈ ઘટાડો નહીં થાય. અને જે વ્યક્તિ કોઈ પથભ્રષ્ટતા (ગુમરાહી) તરફ બોલાવે તેની ઉપર એ સૌના ગુનાઓ જેટલો ગુનો થશે જે તેના આમંત્રણનું અનુસરણ કરશે અને આનાથી તેમના ગુનાઓમાં કોઈ ઘટાડો નહીં થાય." (મુસ્લિમ)

સમજૂતી : દુનિયામાં દરેક વ્યક્તિ કાં તો પથભ્રષ્ટતા તરફ આમંત્રણ આપે છે અથવા સીધા માર્ગ અને અલ્લાહના દીન તરફ. જે લોકો મનુષ્યની ઘડેલી

વ્યવસ્થાઓ, કાનૂનો, બાપ-દાદાના રૂઢિ-રિવાજ અને મનાઈ કરવામાં આવેલી વસ્તુઓ અને બૂરા કામો, વાસનાઓ અને દુનિયાપરસ્તી તરફ લોકોને આમંત્રણ આપે છે તેમની ઉપર એ સૌ લોકો જેટલો જ ગુનો થાય છે જે તેની વાત સ્વીકારી ખોટા માર્ગ ઉપર ચાલી નીકળે અને તેને એ સૌ લોકો જેટલી જ સજા મળશે.
આનાથી ઊલ્ટું જે વ્યક્તિ અલ્લાહની બંદગી, રસૂલુલ્લાહ સ.અ.વ.ના અનુસરણ, સત્યધર્મના પાલન, દીનના કોઈ ભાગ અથવા કોઈ નેકી તરફ લોકોને બોલાવે છે તેને એ સૌ લોકો જેટલો બદલો મળશે જે તેના નિમંત્રણનો સ્વીકાર કરે. જો કોઈ વ્યક્તિના દીન-આમંત્રણના પ્રયાસોના પરિણામે કેટલાક બિનમુસ્લિમો ઈમાન લઈ આવે અથવા કેટલાક ગાફેલ અને બેદરકાર મુસલમાનો અલ્લાહ તરફ પાછા ફરે અને નેક બની જાય તો દાઈ (આમંત્રક)ના ભાગમાં પોતાની નેકીઓના બદલાની સાથે એ લોકોના ઈમાન અને સત્કર્મોનો બદલો પણ સામેલ રહેશે. કેટલો મુબારક અને શાનદાર છે આ અંત અને કેટલો પીડાકારક અને ભયંકર છે તે અંજામ !

૩૫. નેકીનો હુકમ આપવો અને બૂરાઈથી રોકવું

(٣٥) قَالَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَ سَلَّمَ :

مَنْ رَّاٰی مِنْکُمْ مُّنْکَراً فَلْیُغَیِّرْہُ بِیَدِہٖ فَاِنْ لَّمْ یَسْتَطِعْ فَبِلِسَانِہٖ وَاِنْ لَّمْ یَسْتَطِعْ فَبِقَلْبِہٖ وَ ذٰلِکَ اَضْعَفُ الاِیْمَانِ ۔ (مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :
"તમારામાંથી જે વ્યક્તિ કોઈ બૂરાઈને જુએ તો તેને પોતાના હાથ (શક્તિ)થી બદલી નાખે. જો આવું ન થઈ શકે તો જીભથી તેને બદલવાનો પ્રયત્ન કરે, જો આ પણ ન થઈ શકે તો હૃદયમાં તેને બદલવાની તડપ રાખે અને આ ઈમાનનો સૌથી કમજોર દરજ્જો છે." (મુસ્લિમ)
સમજૂતી : એક અન્ય રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :
"મારી અગાઉ જે નબી પણ અલ્લાહ તરફથી પોતાની ઉમ્મતમાં આવ્યા તેમની ઉમ્મતમાં નિખાલસ અને પ્રાણ આપી દેનારા સાથીઓ થયા જે તેમની રીતને મજબૂતાઈપૂર્વક અપનાવતા અને તેમના આદેશ પ્રમાણે ચાલતા. ત્યાર બાદ એમના પછી એવા કપૂત પેદા થઈ જાય છે જેઓ દાવો તો કરે છે પરંતુ અમલ નથી કરતા

અને એ કાર્યો કરે છે જે કરવાનો તેમને આદેશ આપવામાં નથી આવતો. તો જે વ્યક્તિ આવા લોકો વિરુદ્ધ પોતાના હાથ વડે અથાક પ્રયત્ન-સંઘર્ષ-કરે તે મો'મિન છે. જે વ્યક્તિ આવા લોકો વિરુદ્ધ પોતાની જીભથી સંઘર્ષ કરે તે મો'મિન છે અને જે વ્યક્તિ આવા લોકો વિરુદ્ધ પોતાના હૃદયની (લાગણીઓ) દ્વારા સંઘર્ષ કરે તે મો'મિન છે અને તે પછી રાઈના દાણા બરાબર પણ ઈમાન નથી." (મુસ્લિમ)

આ હદીસ ઉપરથી ખબર પડે છે કે નેક કાર્યોનો હુકમ કરવો અને બૂરા કાર્યોથી રોકવું પણ ઈમાનનો એક અનિવાર્ય તકાદો છે.

૩૬. શિસ્ત અને આદેશપાલન

(۳۲) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ :

اَلسَّمْعُ وَالطَّاعَةُ عَلَى الْمَرْءِ الْمُسْلِمِ فِيْ مَا اَحَبَّ وَكَرِهَ مَا لَمْ يُؤْمَرْ بِمَعْصِيَةٍ فَاِذَا اُمِرَ بِمَعْصِيَةٍ فَلَا سَمْعَ وَلَا طَاعَةَ . (بخاری،مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

"મુસલમાને સાંભળવું અને આજ્ઞાપાલન કરવું જોઈએ, ચાહે તેને પસંદ હોય કે નાપસંદ, જ્યાં સુધી તેને પાપનો આદેશ આપવામાં ન આવે. તો જ્યારે પાપનો આદેશ આપવામાં આવે તો ન તો સાંભળવું જોઈએ અને ન તો માનવું જ જોઈએ."

(બુખારી, મુસ્લિમ)

સમજૂતી : આ હદીસ ઉપરથી જાણવા મળે છે કે મુસલમાનોએ શિસ્તબદ્ધ અને સામૂહિક જીવન ગુજારવું જોઈએ, તેમનો એક વડો (અમીર) હોવો જોઈએ જેના હાથ નીચે ઘણાં અમલદારો હોય. મુસલમાનોએ પોતાના આ તમામ અમલદારો અને શાસકોના આદેશો માનવા જોઈએ, ચાહે તેમના આદેશો તેમને પસંદ પડે કે ન પડે. પરંતુ આ આદેશોનું પાલન દીનની મર્યાદામાં રહીને કરવું જોઈએ. જો અમીર ગુનાનો આદેશ આપે તો હરગિજ તે માનવો જોઈએ નહીં.

એક અન્ય હદીસમાં છે :

"ગુનાના (આદેશમાં) કોઈનું આજ્ઞાપાલન કરવાનું નથી, આજ્ઞાપાલન ફક્ત નેક કાર્યોમાં છે." (બુખારી, મુસ્લિમ)

એક અન્ય રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

"જેમણે મારી આજ્ઞા માની તેણે અલ્લાહની આજ્ઞા માની, અને જેણે અમીરની આજ્ઞા માની તેણે મારી આજ્ઞા માની, અને જેણે અમીરની નાફરમાની કરી તેણે મારી નાફરમાની કરી, અને અમીર ઢાલ છે જેને આગળ રાખીને યુદ્ધ કરવામાં આવે છે અને (ફિત્ના અને હુમલા સામે) બચાવ કરવામાં આવે છે. તેથી જો તે ખુદાનો ખોફ રાખી અને ન્યાયી રીતે આદેશ આપે તો તેનો બદલો મળશે, નહિંતર તેનો અંજામ તેણે ભોગવવો પડશે." (બુખારી, મુસ્લિમ)

આ હદીસ સામૂહિક શિસ્તની જરૂરિયાત અને આદેશપાલનના મહત્ત્વ ઉપર પ્રકાશ પાડે છે.

૩૭. ઝિક્ર અને દુઆ

(٣٧) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ سَلَّمَ :

مَثَلُ الَّذِىْ يَذْكُرُ رَبَّهٗ وَالَّذِىْ لَا يَذْكُرُ مَثَلُ الْحَيِّ وَ الْمَيِّتِ۔ (بخاری، مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

"જે વ્યક્તિ પોતાના રબને યાદ કરે છે અને જે યાદ નથી કરતી, બન્નેનું ઉદાહરણ એવું છે જેમ કે જીવતી અને મૃત (વ્યક્તિ)." (બુખારી, મુસ્લિમ)

સમજૂતી : માનવીના દીની, નૈતિક અને રૂહાની (આધ્યાત્મિક) જીવનનો આધાર અલ્લાહની બંદગી અને તેના દીનના નિઃસ્વાર્થ અનુસરણ ઉપર છે, અને આ ત્યારે જ શક્ય છે કે જ્યારે મનુષ્યનો સંબંધ અલ્લાહ સાથે જીવંત અને મજબૂત હોય. અલ્લાહનો ઝિક્ર (સ્મરણ) ચાહે નમાઝ અને તિલાવતેકુર્આનના રૂપમાં હોય અથવા મસ્નૂન અઝકાર (હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે કરેલા અલગ અલગ ઝિક્ર) અને દુઆઓના રૂપમાં, તેના માટે આ જ હેતુ છે.

એક અન્ય રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું, "અલ્લાહતઆલા ફરમાવે છે, હું બંદાની શ્રદ્ધા (યકીન) પ્રમાણે છું જે તે મારા માટે ધરાવે છે, હું તેની સાથે છું જ્યારે તે મને યાદ કરે છે, તો જ્યારે તે મને પોતાના મનમાં યાદ કરે છે તો હું પણ તેને પોતાના મનમાં યાદ કરૂં છું, અને જ્યારે તે મને

સમૂહમાં યાદ કરે છે તો તેને હું તેના કરતાં બહેતર સમૂહમાં યાદ કરૂં છું.''
(બુખારી, મુસ્લિમ)

એક અન્ય રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું :
''દુઆ ઈબાદત છે.'' પછી આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે આ આયતની તિલાવત કરી :

વકાલ રબ્બુકુમુદઊની અસ્તજિબ લકુમ ઈન્નલ્લઝીન યસ્તક બિરૂન અન ઈબાદતી સ યદ ખુલૂન જહન્નમ દાખિરીન.

''અને તમારા રબે કહ્યું, મારી પાસે દુઆ માગો, હું કબૂલ કરીશ. જે મારી ઈબાદતથી બળવો પોકારે છે તેઓ અપમાનિત થઈને દોઝખમાં જશે.''
(તિર્મિઝી, અબૂ દાઊદ, નસાઈ, ઈબ્નેમાજહ)

૩૮. તૌબા

(٣٨) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ :
يٰاَيُّهَا النَّاسُ تُوْبُوْا اِلَى اللّٰهِ فَاِنِّىْ اَتُوْبُ اِلَيْهِ فِى الْيَوْمِ مِائَةَ مَرَّةٍ. (مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :
''હે માનવો ! અલ્લાહ સમક્ષ તૌબા કરો કે હું દિવસમાં સો-સો વખત અલ્લાહ સમક્ષ તૌબા કરૂં છું.'' (મુસ્લિમ)

સમજૂતી : રસૂલુલ્લાહ સ.અ.વ. જેવી માસૂમ હસ્તી, જે નૈતિકતા અને ચારિત્ર્યના અખૂટ ભંડાર હતા, તેઓ જો દિવસમાં સો-સો વખત તૌબા કરતા હતા તો એ વાત તો સહેલાઈથી અંદાજી શકાય કે આપણા જેવા ગુનેગાર મનુષ્યોને તૌબાની કેટલી જરૂર છે. હકીકતમાં મનુષ્યની સુધારણા અને ભલાઈ એ વાત ઉપર નિર્ભર કરે છે કે તે સતત આત્મ પરીક્ષણ કરતો રહે અને તે પછી તેને જે ખામી પોતાની અંદર દેખાય તે બદલ અલ્લાહ સમક્ષ માફી માગે અને ભવિષ્યમાં તેનાથી બચવાની પ્રતિજ્ઞા કરે અને તે માટે પ્રયત્નશીલ રહે આનું જ નામ તૌબા છે.

૩૯. દુનિયા અને આખિરત

(٣٩) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ سَلَّمَ :

كُنْ فِي الدُّنْيَا كَأَنَّكَ غَرِيْبٌ أَوْ عَابِرُ سَبِيْلٍ. (بخارى)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

''દુનિયામાં એ રીતે રહો જાણે તમે પરદેશી છો અથવા વટેમાર્ગુ.'' (બુખારી)

સમજૂતી : આ દુનિયા મનુષ્યનું મૂળ વતન નથી બલ્કે પરદેશ છે જ્યાં તેણે ગણતરીના થોડા દિવસો સુધી રહેવાનું છે. ત્યાર બાદ બધું મૂકીને ખાલી હાથે પોતાના સાચા વતન-આખિરત-તરફ કૂચ કરી જવાનું છે અને ત્યાં જ હંમેશાં રહેવાનું છે. ત્યાં જીવન જીવવા માટે તેને એ જ વસ્તુઓ મળશે જે તેણે આ દુનિયામાં ઈમાન અને સત્કર્મના રૂપમાં કમાવી હતી. જો તેની પાસે ઈમાન અને સત્કર્મની મૂડી હશે તો તેને અનંત જીવનમાં જન્નતની અનંત, અસીમ, વાસ્તવિક અને અકલ્પ્ય ને'મતો મળશે, અને અલ્લાહની પ્રસન્નતા, તેનું સાંનિધ્ય અને તેના દીદારનું સૌભાગ્ય પ્રાપ્ત થશે, નહિંતર અલ્લાહનો પ્રકોપ અને જહન્નમની ભયંકર સજા પામશે.

આ પરિસ્થિતિનો તકાદો છે કે મો'મિનનું હૃદય દુનિયાને બદલે આખિરતમાં લાગેલું રહે. દુનિયાની સફળતા અને નિષ્ફળતા કરતાં વધુ, અનેકગણું વધારે, તેણે આખિરતની સફળતા માટે અને જહન્નમની સજાથી બચવા માટે ચિંતા કરવી જોઈએ, તેમજ તેણે જન્નતના માર્ગ ઉપર એકાગ્રતાપૂર્વક ઝડપથી આગળ વધવું જોઈએ અને દુનિયાની વસ્તુઓમાંથી તેણે એ જ પ્રકારનો માલ અને એટલો જ સામાન સાથે રાખવો જોઈએ જે એ લક્ષ્ય ભણી લઈ જવામાં સહાયક બને, નહીં કે અવરોધક.

એક હદીસમાં છે કે,

''જન્નતમાં એક નાની સરખી જગ્યા દુનિયા અને જે કંઈ (તેમાં) મોજૂદ છે તેનાથી બહેતર છે.'' (બુખારી, મુસ્લિમ)

અર્થાત્ જન્નતની થોડીક જગ્યા અને ત્યાંની ને'મતો દુનિયાની તમામ ને'મતો કરતાં શ્રેષ્ઠ છે. તેથી મનુષ્યે દુનિયાની ને'મતોના બદલે જન્નતની ને'મતો અને અલ્લાહની પ્રસન્નતાનો મોહ રાખવો જોઈએ.

૪૦. નીય્યતની શુદ્ધિ

(٤٠) قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ :
اِنَّمَا الْاَعْمَالُ بِالنِّيَّاتِ وَ اِنَّمَا لِامْرِئٍ مَّا نَوٰى فَمَنْ كَانَتْ هِجْرَتُهٗ اِلَى
اللّٰهِ وَ رَسُوْلِهٖ فَهِجْرَتُهٗ اِلَى اللّٰهِ وَرَسُوْلِهٖ وَمَنْ كَانَتْ هِجْرَتُهٗ اِلٰى دُنْيَا
يُصِيْبُهَا اَوِامْرَءَةٍ يَّتَزَوَّجُهَا فَهِجْرَتُهٗ اِلٰى مَا هَاجَرَ اِلَيْهِ ـ (بخارى،
مسلم)

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું :

''કાર્યોનો આધાર સંપૂર્ણપણે નીય્યતો ઉપર છે અને મનુષ્ય માટે બસ એ જ છે જેની તેણે નીય્યત કરી. તો જે વ્યક્તિની હિજરત અલ્લાહ અને તેના રસૂલ તરફ હશે, તેની હિજરત અલ્લાહ અને તેના રસૂલ તરફ હશે. અને જેની હિજરત કોઈ સાંસારિક હિત માટે અથવા કોઈ સ્ત્રી સાથે લગ્ન કરવા માટે હશે તો તેની હિજરત એ જ વસ્તુ માટે હશે જેના માટે તેણે હિજરત કરી.'' (બુખારી, મુસ્લિમ)

સમજૂતી :

અલ્લાહને ત્યાં સદ્‌કાર્યો ત્યારે જ સ્વીકૃતિ પામશે જયારે તેમનો આશય અલ્લાહની પ્રસન્નતા હોય અને તે રસૂલ સ.અ.વ.એ ચીંધેલી રીત પ્રમાણે કરવામાં આવ્યાં હોય. જો કોઈ સદ્‌કાર્યનો વાસ્તવિક આશય કોઈ દુન્યવી હિત અથવા કીર્તિ અથવા દેખાડો હોય તો એવું કર્મ, પછી તે ગમે તેટલું મોટું હોય, સ્વીકૃતિ પામશે નહીં અને ઊલ્ટાનું તેના મ્હોં પર મારવામાં આવશે.

એક બીજી રિવાયતમાં છે કે અલ્લાહના રસૂલ સ.અ.વ.એ ફરમાવ્યું કે અલ્લાહ ફરમાવે છે :

''હું તમામ શરીક કરતાં શિર્કયુક્ત કામોથી લાપરવા (બેનિયાઝ) છું. જે વ્યક્તિ કોઈ સદ્‌કાર્ય કરે અને તેમાં મારી સાથે કોઈ બીજાને પણ સામેલ કરી લે તો હું તે કાર્યને તેના કરનાર માટે છોડી દઉં છું (અને તેનો સ્વીકાર નથી કરતો).''(મુસ્લિમ)

અર્થાત્ જે સદ્‌કાર્યમાં મારી ખુશી ઉપરાંત કોઈ બીજાને પ્રસન્ન કરવાનો પણ આશય હોય તો તે સદ્‌કાર્ય મને જરા પણ પસંદ નથી અને હું તેને પાછો વાળી દઉં છું.